

હે ભવ્ય! તારા ચૈતન્યસ્વભાવની અશાતના ન થાય અને આરાધના થાય તેમ કર. —સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ (દૃષ્ટિનાં નિધાન)

કહાન સંવત-૮ □ (૫૩૬) ❋ આત્મધર્મ ❋ (અંક-૧૨ વર્ષ-૪૪) □ વીર સં. ૨૫૧૪ જૂન, ૧૯૮૮

# આગમ મહાસાગરનાં અણમૂલાં રત્નો

૧. શુદ્ધ આત્માને જાણતો–અનુભવતો જીવ શુદ્ધ આત્માને જ પામે છે અને અશુદ્ધ આત્માને જાણતો–અનુભવતો જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.

( શ્રી કુંદકુંદ આચાર્યદેવ, સમયસાર ગાથા–૧૮૬ )

૨. એક તરફથી જોતાં કષાયોનો ક્લેશ દેખાય છે અને એક તરફથી જોતાં શાંતિ છે. એક તરફથી જોતાં ભવની પીડા ( સંસાર સંબંધી ) દેખાય છે અને એક તરફથી જોતાં ( સંસારના અભાવરૂપ ) મુક્તિ પણ સ્પર્શે છે. એક તરફથી જોતાં ત્રણલોક સ્ફુરાયમાન છે અને એક તરફથી જોતાં કેવળ એક ચૈતન્ય જ શોભે છે. ( આવો ) આત્માનો અદ્‌ભુતથી પણ અદ્‌ભુત સ્વભાવ–મહિમા જયવંત વર્તે છે. ( કોઈથી બાધિત થતો નથી. )

( શ્રી અમૃતચંદ્ર આચાર્યદેવ, સમયસાર, શ્લોક–૨૭૪ )

૩. ધર્મનું મુખ્ય ચિહ્ન આ છે કે, જે જે ક્રિયા પોતાને અનિષ્ટ લાગતી હોય તે તે ક્રિયા અન્યને માટે મન–વચન–કાયાથી સ્વપ્નમાં પણ કરવી નહિ.

( શ્રી શુભચંદ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, ધર્મભાવના, શ્લોક–૨૧ )

૪. જે પદાર્થો—ઇન્દ્રિય વિષયો મનને પ્રિય હોય તે ઇષ્ટ અને અપ્રિય હોય તે અનિષ્ટ. તેમાં અનિષ્ટ હોવા છતાં પણ જે પદાર્થો શુદ્ધ ચિદ્‌રૂપના ધ્યાનમાં સહકારી થાય છે તેને જ્ઞાનીજનો ભજે છે, સેવે છે, અવલંબે છે અને જે પદાર્થો ઇષ્ટ હોવા છતાં શુદ્ધ આત્માના ધ્યાનમાં વિઘ્નરૂપ થાય છે તેને જ્ઞાનીજનો તજે છે.

( શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન તરંગીણી, અધ્યાય ત્રીજો, શ્લોક–૩ )

૫. જેમ કોઈ મનુષ્ય પહાડ ઉપરથી લપસી જાય અને કોઈ હિતકારી બનીને તેનો હાથ મજબૂતાઈથી પકડી લ્યે તેવી જ રીતે જ્ઞાનીઓને જ્યાં સુધી મોક્ષ પ્રાપ્ત થતો નથી ત્યાં સુધી વ્યવહારનું અવલંબન છે. જો કે આ વાત સાચી છે તો પણ નિશ્ચયનય ચૈતન્યને સિદ્ધ કરે છે તથા જીવને પરથી ભિન્ન દર્શાવે છે અને વ્યવહારનય તો જીવને પરને આશ્રિત કરે છે.

( શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર–જીવદ્વાર, પદ–૬ )

કહાન સંવત-૮
વર્ષ-૪૪
અંક-૧૨
[ ૫૩૬ ]




વીર સંવત ૨૫૧૪
સં. ૨૦૪૪
JUNE
A. D. 1988

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# સર્વજ્ઞનો નિર્ણય તે આત્માનો નિર્ણય
# આત્માનો નિર્ણય તે જ સર્વજ્ઞનો નિર્ણય

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૨ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની આ ૧૫મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

દરેક આત્મા શક્તિરૂપે-વસ્તુરૂપે-સ્વભાવરૂપે તો પરમાત્મા છે પણ અહીં તો જેણે પર્યાયમાં પરમાત્મપણું પ્રગટ કર્યું એવા પરમાત્મા કેવા હોય તેની વાત ચાલે છે.

શ્રી યોગીન્દુદેવ શિષ્ય પ્રભાકર ભટ્ટને કહે છે કે હે પ્રભાકર ભટ્ટ! તું આવા પરમાત્માનું ધ્યાન કર.

જેણે દેહ, વાણી, મન આદિ નોકર્મ, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ અને રાગ-દ્વેષાદિ ભાવકર્મથી રહિત થઈને કેવળજ્ઞાનથી રચાયેલ આત્માને પ્રાપ્ત કર્યો છે-વ્યક્ત પર્યાયમાં કેવળજ્ઞાનનો લાભ પ્રાપ્ત કર્યો છે એવા પરમાત્માને તું જાણ!

આવા અરિહંત અને સિદ્ધ પરમાત્મા ક્યારે જણાય? કે માયા, મિથ્યાત્વ અને નિદાન શલ્યથી માંડીને સમસ્ત વિભાવપરિણામથી રહિત થાય ત્યારે જણાય.

માયા એટલે કપટ-કુટિલતાનો ત્યાગ કરે, મિથ્યા અભિપ્રાયનો ત્યાગ કરે ત્યારે પરમાત્માનું સ્વરૂપ જણાય. પરમાત્મસ્વરૂપનો નમૂનો જાણ્યા વગર પરમાત્મા ન જણાય. જેમ, પાંચ મણ ચોખા રાંધવા મૂક્યાં હોય તેમાંથી થોડાં દાણાં દબાવી જુએ તો ખબર

પડે ને કે બધાં રંધાઈ ગયાં છે, તેમ શિષ્ય પોતાના અંતરમાં પરમાત્માનો અંશ પ્રગટ કરે ત્યારે આખું પરમાત્મસ્વરૂપ જણાય.

કેવળજ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે તેમાં એક સમયમાં આખો લોકાલોક જણાય જાય. એવા કેવળજ્ઞાનને પ્રાપ્ત થયેલાં પરમાત્મા શિષ્યના જ્ઞાનમાં ક્યારે જણાય? કે જ્યારે શિષ્ય માયા, મિથ્યાત્વ અને નિદાન શલ્ય તથા સર્વ વિભાવપરિણામથી રહિત થઈ ચિત્તને નિર્મળ કરે અને પર્યાયમાં સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે ત્યારે પરમાત્મા જણાય.

પરમાત્માને જાણ એટલે તારા આત્માને જાણ ત્યારે પરમાત્મા જણાય. રાગ અને વિકલ્પથી રહિત થઈને આ મારો આત્મા પૂર્ણાનંદ છે એમ જાણે ત્યારે દિવ્યજ્ઞાનધારી પરમાત્માનું સ્વરૂપ જણાય.

હે શિષ્ય! તું રાગાદિ વિકલ્પ અને મિથ્યા શ્રદ્ધાથી રહિત થઈને સર્વ વિભાવની લાગણી છોડી તારા સ્વભાવને જાણ ત્યારે ભગવાનનું પૂર્ણસ્વરૂપ તને જણાય. આ શરત છે.

પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરી છે એવા પરમાત્માને તો વિકલ્પ, વાસના, કર્મ કે શરીર આદિ કાંઈ નથી તો એવા નિર્વિકાર પરમાત્માને જાણવા માટે શિષ્યની પાત્રતા કેવી હોવી જોઈએ? કે પરમાત્માને વિકલ્પ આદિનો સર્વથા અભાવ થયો છે તો શિષ્યને ભલે પર્યાયમાં રાગાદિનો સંબંધ હોય પણ દૃષ્ટિમાં તેનો ત્યાગ થઈ જવો જોઈએ. દૃષ્ટિમાં કર્મ, શરીર, રાગાદિથી જુદો પડી જાય તે જીવ પરમાત્માને ઓળખી શકે. પરમાત્માને તો રાગાદિનું નિમિત્ત પણ નથી રહ્યું પણ શિષ્યને રાગ, કર્મ આદિનું નિમિત્ત હોવા છતાં હું વર્તમાનમાં જ તે સર્વ ભાવોથી રહિત છું—મારો સ્વભાવ શુદ્ધ છે એમ જાણે ત્યારે તેના જ્ઞાનમાં પરમાત્મા જણાય. વિભાવથી રહિત નિર્મળ જ્ઞાનની પર્યાયથી આત્માને જાણે ત્યારે પરમાત્માને જાણ્યા કહેવાય.

કેવળજ્ઞાનાદિ ગુણયુક્ત પરમાત્મા જ ધ્યાન કરવા લાયક છે. પરમાત્માનું ધ્યાન કરવું એનો અર્થ એ કે પૂર્ણાનંદસ્વરૂપ પોતાના આત્માનું ધ્યાન કરવું. જેવી પરમાત્મદશા ભગવાને પ્રગટ કરી છે એવી દશા મારે પણ પ્રગટ કરવી છે એવો ભાવ સ્વભાવ તરફ ઢળે ત્યારે જ પરમાત્માનું ધ્યાન થયું કહેવાય.

જુઓ! 'નમો અરિહંતાણં'ને જાણવા હોય તો આમ જાણ એમ કહ્યું છે. પ્રવચનસારની ૮૦ મી ગાથામાં કહ્યું છે ને, અરિહંતના દ્રવ્ય, ગુણ અને પર્યાયને જાણીને આત્મા સાથે તેને મેળવે—રાગ અને શરીરનો આશ્રય છોડી નિજસ્વભાવનો આશ્રય કરે ત્યારે પરમાત્મા અંતરમાં બિરાજમાન થાય.

જગતમાં પૂર્ણ જ્ઞાન-આનંદસ્વરૂપ પરમાત્માનું અસ્તિત્વ છે એમ જ્યાં નક્કી કરવા

જાય ત્યાં પ્રથમ વિભાવ અને શરીર વિનાની આત્મસત્તાનો સ્વીકાર થાય ત્યારે જ પરમાત્માનો સ્વીકાર થાય. ત્યારે જ પરમાત્માનું જ્ઞાન થયું કહેવાય.

પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ શાંતિ, પૂર્ણ વીર્ય એવા અનંતા ગુણોની પૂર્ણ પર્યાય જેણે પ્રગટ કરી છે–શક્તિને વ્યક્ત કરી છે એવા પરમાત્માનું જ્ઞાન અને ધ્યાન ક્યારે થાય કે વિભાવ અને શરીર રહિત ચૈતન્યશરીરી નિજ આત્મા તરફ ઢળે, તેનું જ્ઞાન અને ધ્યાન કરે ત્યારે પરમાત્માનું ધ્યાન થાય.

પરમાત્માનું ધ્યાન કરનારે જ્ઞાનાવરણાદિ સમસ્ત કર્મ ત્યાગવા લાયક છે, સમસ્ત પરદ્રવ્ય ત્યાગવા લાયક છે અને એક પૂર્ણાનંદસ્વરૂપ વસ્તુ જ આદરવા લાયક છે એવો અનુભવ જ્યારે થાય ત્યારે પરમાત્માની મહાસત્તાનો સ્વીકાર, જ્ઞાન અને ધ્યાન થયું કહેવાય. પોતાના દ્રવ્યપરમાત્માનું જ્ઞાન અને ધ્યાન થાય ત્યારે પર પરમાત્માનું જ્ઞાન અને ધ્યાન થાય.

આ ત્રણ પ્રકારના આત્માનું સ્વરૂપ પૂરું થયું. ભગવાન આત્માના પૂર્ણ શુદ્ધ ચૈતન્ય-સ્વરૂપને ન જાણતો અલ્પજ્ઞપર્યાય અને રાગ, નિમિત્તાદિને જ પોતાનું સ્વરૂપ માની રહ્યો છે તે મૂઢ બહિરાત્મા છે. તેનો બધો પુરુષાર્થ ઉલટો છે. અને જેનો પુરુષાર્થ સુલટો થયો છે–જે વિચક્ષણ છે તે અંતરાત્મા છે, જેણે દૃષ્ટિ અને જ્ઞાનમાં પોતાના ચૈતન્ય પૂર્ણાનંદ સ્વભાવને લીધો છે તેને વિચક્ષણ અને ડાહ્યો કહેવાય. બાકી વેપારમાં હોશિયાર હોય કે લોકોમાં ડહાપણવાળા ગણાતાં હોય એ કોઈ ડાહ્યા નથી.

આવા અંતરાત્મા જ પરમાત્માનું ધ્યાન યથાર્થ કરે છે. જેણે શુદ્ધતાનો અંશ પ્રગટ કર્યો છે તે પૂર્ણ શુદ્ધતાને જાણી શકે છે. અહો! પૂર્ણ પર્યાયને પ્રગટ કરનારા ભગવાન આવા હોય.

હવે મુક્તિને પ્રાપ્ત થયા એવા પરમાત્માનું દશ દોહામાં વ્યાખ્યાન કરે છે. પહેલાં ત્રણ પ્રકારના આત્મામાં પરમાત્માનું સ્વરૂપ વર્ણવ્યું. હવે એકલાં સિદ્ધ પરમાત્માની વાત કરે છે.

કાલે વાત થઈ હતી કે ઉપદેશકે કોને કેવો ઉપદેશ આપવો જોઈએ તેની વાત હતી. જે નિશ્ચયની વાત સમજી શકે તેમ ન હોય તેને કષાય મંદ કરવાનો અને ભક્તિ-પૂજાનો ઉપદેશ અપાય પણ જે લોકો તેમાં જ ધર્મ માનીને બેઠાં હોય તેને એવો ઉપદેશ ન અપાય. જેને વ્યવહારનો આગ્રહ હોય તે વ્યવહારનો ઉપદેશ ગ્રહણ કરશે તો તેનું મિથ્યાત્વ વધારે પુષ્ટ થશે અને નિશ્ચયાભાસીને વ્યવહારનો ઉપદેશ નહિ મળે તો એ એકદમ શુષ્ક થઈ જશે, વૈરાગ્યશૂન્ય થઈ જશે. માટે જેને જેનો આગ્રહ હોય તેનાથી વિરુદ્ધ ઉપદેશ હોય તે ગ્રહણ કરવો. નિશ્ચયનો આગ્રહ હોય તેણે વૈરાગ્યનો અને અંતરથી ઉદાસ થવાનો ઉપદેશ ગ્રહણ કરવો. ઉપદેશક તો સમ્યગ્દૃષ્ટિ હોય; તેને જ ઉપદેશ

કેવો અપાય તેની ખબર છે. સમ્યગ્દષ્ટિ, મુનિઓ, સંતો આવો ઉપદેશ આપે છે એમ ત્યાં (મોક્ષમાર્ગપ્રકાશકમાં) લખ્યું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસાર જ તેની વાણી આવે.

નિશ્ચયદૃષ્ટિ ન થાય ત્યાં સુધી પૂજા, ભક્તિ, બ્રહ્મચર્ય, દયા, દાનાદિનો ભાવ ન હોય એમ ન હોય. નિશ્ચય અનુભવ વિના પણ એવા ભાવો હોય છે. પણ જે તેને જ પકડીને બેઠા છે તેને વ્યવહારનો ઉપદેશ ન અપાય. તેને તો એવો જ ઉપદેશ અપાય કે શુદ્ધાત્મસ્વભાવની દષ્ટિ વિના તારો ઉદ્ધાર નથી.

હવે અહીં પાંચ દોહામાં હરિ-હરાદિ મોટા પુરુષો મન સ્થિર કરીને જે પરમાત્માનું ધ્યાન કરે છે તેનું હે શિષ્ય! તું પણ ધ્યાન કર એમ કહે છે.

જગતમાં જે મહાપુરુષો કહેવાય એવા હરિ-હરાદિ પણ જે સિદ્ધદશાને પ્રાપ્ત પરમાત્માનું ધ્યાન કરે છે તે પરમાત્માનું તું પણ ધ્યાન કર! પરમાત્મા જ ધ્યાન કરવા લાયક છે.

ઇન્દ્ર પણ સિદ્ધોનું ધ્યાન કરે છે, નારાયણ એટલે વાસુદેવ પણ સિદ્ધપરમાત્માનું ધ્યાન કરે છે, રુદ્ર પણ ભગવાન સિદ્ધનું ધ્યાન કરે છે. ત્રણલોકમાં જે વંદનીક, પૂજનીક ભગવાન ગણાય છે એવા ઇન્દ્રાદિ પણ પૂર્ણાનંદ શુદ્ધ સિદ્ધપરમાત્માનું ધ્યાન કરે છે એટલે જ સિદ્ધ ભગવાનને ત્રણ લોકના વંદનીક કહેવાય છે. સિદ્ધ પરમાત્મા 'ત્રિભુવન વંદિતમ્' છે. ઊર્ધ્વ, મધ્ય, અને અધોલોકમાં વંદનીક છે.

એ સિદ્ધ પરમાત્માને શું પ્રાપ્ત થયું છે? કે કેવળદર્શન, કેવળજ્ઞાન, અનંતવીર્ય, અનંત સુખ આદિ અનંત ગુણની નિર્મળ અવસ્થા પ્રગટ થઈ છે. આવા વીતરાગ નિર્વિકલ્પ શુદ્ધ પરમાત્મામાં મનને સ્થિર કરીને તેનું ધ્યાન કર એટલે જ્યાં પૂર્ણ શુદ્ધ પરમાત્માનું ધ્યાન કરવા જાય છે ત્યાં પૂર્ણ શુદ્ધ સ્વરૂપ નિજ ભગવાન આત્માનું જ ધ્યાન થઈ જાય છે.

સારાંશ એ છે કે કેવળજ્ઞાનાદિરૂપ પરમાત્મા સમાન રાગાદિ રહિત નિજ શુદ્ધાત્માને ઓળખ! રાગાદિ રહિત શુદ્ધાત્મા જ સાક્ષાત્ ઉપાદેય છે.

સર્વજ્ઞ એટલે પૂર્ણ જેની દશા, જેની જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય, એક સમયની દર્શનની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક દેખાય, એક સમયના આનંદમાં અનંત અનંત અતીન્દ્રિય આનંદનું વેદન થાય, એક સમયનું વીર્ય અનંત ગુણની નિર્મળતાને રચે, એવા એવા અનંતગુણની નિર્મળ પર્યાય જેને પ્રગટ થઈ ગઈ છે એવા સર્વજ્ઞની સત્તાનું ધ્યાન તે નિજ શુદ્ધાત્મસ્વરૂપનું જ ધ્યાન છે.

પરમાત્મા રાગ રહિત પૂર્ણ શુદ્ધ છે એમ ધ્યાન કરતાં રાગ રહિત પૂર્ણ શુદ્ધ

નિજ પરમાત્મા ઉપર દૃષ્ટિ જાય, તેનું જ્ઞાન કરે અને આદર કરે ત્યારે તેણે પરમાત્માનું ધ્યાન કર્યું કહેવાય.

જ્યાં સુધી પોતાની પર્યાયમાં પરમાત્માના સ્વરૂપનો સ્વીકાર ન થાય–પરમાત્મા આવા હોય એવું જ્ઞાન ન થાય, સ્વીકાર અને સત્કાર ન આવે ત્યાં સુધી આત્માનું ભાન થાય નહિ અને આત્માના ભાન વગર કોઈ ચારિત્ર હોતું નથી. ભગવાન પૂર્ણાનંદ પરમાત્મા છે એમ જ્યાં નક્કી કરવા જાય ત્યાં વિકાર અને વિભાવ રહિત સ્વભાવ તરફ ઢળે છે, ત્યારે હું તો નિર્વિકલ્પ જ્ઞાતા–દ્રષ્ટા છું એવી પ્રતીતિ સહિત તેમાં ઠરવારૂપ ચારિત્ર આવે છે. સ્વભાવના ભાન વગર ચારિત્ર કદી હોતું નથી.

કોઈ આત્માના ભાન વગર ક્રિયા કરીને તેમાં ચારિત્ર મનાવતાં હોય તેને કોણ અટકાવી શકે? એની પર્યાયની જેવી યોગ્યતા હોય તે પ્રમાણે થયા કરે તેને કોઈ બીજો અટકાવી ન શકે. જે પોતે સ્વભાવના ભાનપૂર્વક જ્ઞાતા–દ્રષ્ટા થાય તેને બીજામાં ફેરફાર કરવાની બુદ્ધિ રહેતી નથી.

અહા! પરમાત્માની શી વાત! જેની એક સમયની જ્ઞાનપર્યાયમાં ત્રણકાળ ત્રણલોક જણાય, જેને એક સમયમાં પૂરણ....પૂરણ....પૂરણ અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય, જેનું એક સમયનું વીર્ય અનંત ગુણની નિર્મળતા રચે. અહા! એવા પરમાત્માનો જેને સ્વીકાર થયો તેણે તો પોતાના આંગણામાં પ્રભુને પધરાવ્યાં—પોતાના જ્ઞાનમાં પ્રભુને બિરાજમાન કર્યાં, તેને પરમાત્માની સાથે જ પોતાના ભગવાન આત્માનો સ્વીકાર આવી ગયો. ભગવાનના અનંત ગુણની પૂરણ પર્યાયને જ્યાં ખ્યાલમાં લે છે ત્યાં તેની દૃષ્ટિ પરદ્રવ્ય અને રાગથી હટીને સ્વદ્રવ્ય ઉપર જાય છે ત્યારે જ તેણે પૂર્ણાનંદ પ્રભુનું ધ્યાન કર્યું કહેવાય છે.

કેટલો પુરુષાર્થ! કેવળજ્ઞાનાદિથી પૂર્ણ એવા સિદ્ધ પરમાત્મા જેવો જ હું છું એમ નક્કી કરવામાં અનંત પુરુષાર્થ છે. પરમાત્મા સમાન–રાગાદિ રહિત નિજ શુદ્ધાત્માને ઓળખવો એ જ સાક્ષાત્ ઉપાદેય છે–આદરણીય છે. સાક્ષાત્ ઉપાદેય પોતાનો આત્મા છે.

ચૈતન્યગોળો પરિપૂર્ણ છે, જેમાં રાગની ગંધ નથી અને જ્ઞાનની અપૂર્ણતા નથી. મોટા રાજા ઘરે પધારવાના હોય તો આંગણાં કેવા ઉજળાં કરે છે, સાફસૂફ કરી, ચાકળા બાંધે અને સુગંધ ફેલાવે છે તેમ અંતરમાં પર્યાયમાં આંગણા ઉજળાં કરે, વિકાર રહિત પરમાત્માને આવકારવા માટે પર્યાયમાં જે બળ પ્રગટ કરે છે તે જ બળથી આત્માને પરમાત્મા તરીકે સ્વીકારે છે.

એકવાર જે દૃષ્ટિ પ્રગટ થઈ કે 'હું તે પરમાત્મા અને પરમાત્મા તે હું' એવી દૃષ્ટિ પ્રગટ થઈ તે હવે કદી જાય નહિ અને જે મિથ્યા દૃષ્ટિ ગઈ તે કદી પાછી આવે

નહિ. હવે તો એ પરમાત્મા થયે છૂટકો. એને ફરી સંસાર આવે નહિ. પ્રવચનસારમાં આવે છે ને ઉત્પાદ થયો તેનો હવે વ્યય નહિ અને વ્યય થયો તેનો હવે ઉત્પાદ થવાનો નથી.

પરમાત્મા સદૃશ પોતાનો ભગવાન આત્મા એક જ ઉપાદેય છે. અન્ય સર્વ સંકલ્પ-વિકલ્પ ત્યાગવા યોગ્ય છે. આ તો બધાંને સમજાય તેવી વાત છે. પૂર્વે આઠ-આઠ વર્ષના બાળકો કેવળજ્ઞાન પામતાં. ચિદાનંદ ઢીમમાં ઢળે ત્યાં ફડાક કેવળજ્ઞાન થાય એવી વાત છે, પણ ભરોસો આવવો જોઈએ.

પરમાત્માનો સેવક કોણ થઈ શકે ? કે વિભાવનો અને નિમિત્તનો દાસ થવાનું છોડી સ્વભાવનો દાસ થાય ત્યારે પરમાત્માનો દાસ–સેવક થાય.

અહીં સિદ્ધની વ્યાખ્યામાં સિદ્ધનું સ્વરૂપ કહીને સિદ્ધનું ધ્યાન કરવાનું કહ્યું તેમાં અર્થ આવી ગયો કે સિદ્ધના જેવા તારા આત્માનું ધ્યાન કર ! શુદ્ધાત્માને ઉપાદેય કરે ત્યારે જ સિદ્ધને જાણ્યા કહેવાય. અરિહંત–સિદ્ધને ઓળખ્યા વગર નમસ્કાર કરે તે ખરા નમસ્કાર નથી.

કુંદકુંદ આચાર્ય અરિહંત, સિદ્ધને હું વંદન કરું છું એમ લખે છે એનો અર્થ એમ થાય કે હું અરિહંત, સિદ્ધને મારા આત્મામાં સ્થાપું છું એટલે સિદ્ધ સમાન મારા આત્મામાં દૃષ્ટિ લઈ જાઉં છું.

હવે અહીં સંકલ્પ–વિકલ્પનું સ્વરૂપ કહે છે. સ્ત્રી, પુત્રાદિ બાહ્ય સચેતન વસ્તુ અને ચાંદી, સોના, રત્નમણિના આભૂષણાદિ અચેતન પદાર્થને પોતાના માનવારૂપ મમત્વ–પરિણામ તે 'સંકલ્પ' છે. ભગવાન ચૈતન્ય આત્માને છોડીને બાહ્ય પદાર્થમાં મારાપણાની કલ્પના કરે છે કે આ બધાં અમારા છે, આ અમારો પરિવાર છે, આ અમારું સોનું છે, અમારા દાગીના છે, આ શરીર, સ્ત્રી, પુત્રાદિ બધું મારું છે તેને છોડીને બાવો થઈ જાઉં તો મારા ન કહેવાય પણ અત્યારે તો બધાં મારા છે. તેને કહે છે કે ભાઈ! તું બાવો જ છો. કોઈ તારું નથી. તું એ બધાંથી રહિત ભગવાન આત્મા છો.

દેવ-શાસ્ત્ર-ગુરુ પણ મારા છે, મને લાભ કરનારા છે એવા પરિણામ તે મિથ્યા સંકલ્પ છે. પરવસ્તુ ત્રણકાળ, ત્રણલોકમાં તારી નથી. ભાઈ! કાળ અને ક્ષેત્રમાં પરચીજ તારી નથી તો ભાવમાં તો એ તારી ક્યાંથી હોય? બાપ દીકરાનો નથી, દીકરો બાપનો નથી. એક–બીજાને બહુ પ્રેમ હોય તોપણ કોઈ કોઈનું નથી. બાપુ ! આ દીકરા તારા નથી. તારી નિર્મળ પર્યાય થાય એ તારા દીકરા છે.

આ મિથ્યા સંકલ્પોમાં પ્રભુ ! તારી આહુતિ અપાય છે. હું આત્મા, આ બધામાં

છું એમ કરીને તું તારી આહુતિ આપે છો. પોતાનો જ્ઞાતા-દ્રષ્ટા, અનંત ગુણનો નાથ ભગવાન આત્માને મિથ્યા સંકલ્પોમાં હોમી નાંખે છે.

હું સુખી છું, બાયડી, છોકરાં; પૈસે-ટકે હું સુખી છું એવા વિકલ્પ તે મિથ્યા-જૂઠા, પાપમય વિકલ્પ છે. હું સુખી છું, દુઃખી છું ઇત્યાદિ હરખ-શોખનાં પરિણામ થાય તે 'વિકલ્પ' છે. અહીં સંકલ્પ, વિકલ્પ બંનેને મિથ્યાત્વના પરિણામ તરીકે લીધા છે.

પાંચ-દશ કરોડનો આશામી હોય અને દીકરાના લગ્ન થતાં હોય, છૂટા હાથે પૈસા વાપરતો હોય એને હરખ ન માંય, બાયુને પણ હરખ સમાતો ન હોય. ગળું બેસી જાય તોય ગીત ગાય. છેલ્લા-પહેલાં એક લગ્ન છે માણી લઈએ. આવા બધાં જ હરખના પરિણામ તે વિકલ્પ છે.

પોતાના દ્રવ્યને ભૂલીને પરને જ પોતાના માનવા તે સંકલ્પ છે અને પોતાના આનંદના વેદનને ભૂલીને સુખ-દુઃખના વેદનને જ પોતાનું વેદન માનવું તે વિકલ્પ છે. દિગંબર સંતોની વ્યાખ્યા જ આખી દુનિયાથી નિરાળી છે. જ્યાં જ્યાં સંકલ્પ-વિકલ્પની વાત આવે ત્યાં તેનું લક્ષણ આમ જાણવું. (ક્રમશઃ) —*—

* હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્ય-પણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો. માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. વિશ્વાસ લાવ. પંચમ આરો કે ઓછા પુણ્ય કે ઓછપને લક્ષમાં ન લે. તું પૂરણ પરમાત્મ-તત્ત્વ છો ને તે-પણ પરિણમવાને લાયક જ છો.

—પૂજ્ય ગુરુદેવ [ દૃષ્ટિનાં નિધાન ]

* હું જ્ઞાયક છું....જ્ઞાયક છું....જ્ઞાયક છુ—એમ અંદરમાં રટણ રાખ્યા કરવું, જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી. આહાહા! એ પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી બહુ કઠણ છે, અનંતો પુરુષાર્થ માગે છે. જ્ઞાયકતળમાં પર્યાય પહોંચી, આહાહા! એની શી વાત! એવો પૂર્ણાનંદ નાથ પ્રભુ! એની પ્રતીતિમાં, એના વિશ્વાસમાં-ભરોંસામાં આવવો જોઈએ કે અહો! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન તે હું જ!

—પૂજ્ય ગુરુદેવ [ દૃષ્ટિનાં નિધાન ]

[પ્રવચન નં. ૪૮]

# સ્વ-વિશેષોનું લક્ષ પણ છોડ

[તા. ૨૬-૫-૬૬]

શ્રી ઇષ્ટોપદેશ ચાલે છે. ૪૨ ગાથા પૂરી થઈ, તેમાં એ સાર આવ્યો કે જે આત્મા સ્વભાવની દૃષ્ટિ કરીને તેમાં લીન થાય છે તેને સંવર-નિર્જરા વિશેષ થાય છે.

જે સ્વરૂપમાં લીન છે એવા યોગીને કોઈ જાતના વિકલ્પો આવતાં નથી. અરે! પોતાના શરીરનો પણ ખ્યાલ રહેતો નથી તો બીજી અન્ય શરીરને હિતકારી-અહિતકારી વસ્તુનો ખ્યાલ તો ક્યાંથી રહે? આવી નિર્વિકલ્પ અવસ્થામાં યોગીને સંવર-નિર્જરા વિશેષ થાય છે.

આ સાંભળી શિષ્યને આશ્ચર્ય થાય છે કે યોગીની આવી વિલક્ષણ વિભિન્ન અવસ્થા કેવી રીતે થઈ જતી હશે?

શિષ્યનું આશ્ચર્ય જોઈ આચાર્યદેવ ૪૩ મી ગાથામાં તેનો ઉત્તર આપે છે કે હે બુદ્ધિમાન તું સાંભળ!

यो यत्र निवसन्नास्ते स तत्र कुरुते रतिं ।
यो यत्र रमते तस्मादन्यत्र स न गच्छति ॥ ४३ ॥

જે જ્યાં વાસ કરી રહે, ત્યાં તેની રુચિ થાય,
જે જ્યાં રમણ કરી રહે, ત્યાંથી બીજે ન જાય. ૪૩.

જે જ્યાં નિવાસ કરવા લાગે છે ત્યાં જ તેને ગમી જાય છે, ત્યાં જ તેનું મન લાગી જાય છે, તેથી પછી ત્યાંથી તે હટતો નથી.

લૌકિકમાં પણ એવું આપણે જોઈએ છીએ કે એક ઝૂંપડું હોય પણ ત્યાં જે વર્ષોથી રહેતો હોય તેને તેમાં એવું ફાવી ગયું હોય અને એવું ગમી ગયું હોય કે ઝૂંપડું છોડીને બીજે રહેવા જવું તેને ગમતું નથી.

અમારે ઉમરાળામાં એક માણસે પરિસ્થિતિવશ પોતાનું મકાન વેચી દીધું પણ પછી પોતાને પૈસા થઈ ગયા તો તેની માતા કહે છે કે ભાઈ! આપણું જૂનું મકાન તું પાછું લઈ લે. તો ૧૫૦૦ રૂપિયાનું મકાન દશહજારમાં પણ એ માણસ પાછું લઈ લે છે. કેમ કે જે જ્યાં વર્ષો સુધી રહ્યાં હોય ત્યાં જ તેને ગમે છે, ત્યાંથી હટવું તેને ગમતું નથી.

તેમ અહીં એ જ વાત આચાર્ય ઉદાહરણથી સમજાવે છે કે જે મનુષ્ય, જે નગરમાં પોતાના સ્વાર્થની સિદ્ધના હેતુથી, બંધુજનોના આગ્રહથી, નિવાસી બનીને રહેવા લાગે છે ત્યાં જ તે આનંદ માને છે એટલે કે ત્યાં જ તેને ગમી જાય છે તેથી તે નિવાસ છોડીને તે બીજે કયાંય નિવાસ કરતો નથી. આવો અનુભવ તો જગતમાં બધાંને હોય છે. તેમ આત્મામાં રહેવાવાળા યોગીને પૂર્વે કદી નહિ અનુભવેલો એવો અપૂર્વ આનંદ પ્રાપ્ત થતો હોવાથી યોગી આત્મા સિવાય કયાંય લીન થતો નથી.

વિષયસુખમાં તો ધર્મીને આકુળતા લાગે છે અને આત્મામાં નિરાકુળતા લાગે છે, વિષયસુખ તો પરાધીન લાગે છે અને આત્મિક આનંદ સ્વાધીન લાગે છે. વળી ઇન્દ્રિયના વિષયોના સુખમાં તો બંધ થાય છે જ્યારે આત્માના અતીન્દ્રિય સુખના અનુભવમાં બંધનો છેદ થાય છે. તેથી ધર્મી પોતાની સ્વાધીન, અનાકુળ આનંદ સ્વરૂપ પેઢી છોડીને બીજા કોઈ વિષયોમાં જવા માગતાં નથી.

અજ્ઞાની જીવને એક તુચ્છ વિષયમાં પણ જો પ્રીતિ લાગી જાય તો તેમાંથી છૂટવું ગમતું નથી તો જ્ઞાનીને આવા નિરાકુળ સ્વાધીન અતીન્દ્રિય સુખનો પ્રેમ લાગ્યો છે તેને તે કેમ છોડે? વળી, તેમાં તો ધર્મીને કર્મોની નિર્જરા પણ વિશેષ થાય છે તો તેને ધર્મી કેમ છોડે? ન જ છોડે.

ત્રિકાળ એકરૂપ શુદ્ધ ધ્રુવ નિજ આત્મસ્વભાવની દૃષ્ટિ કર્યા વગર સમ્યગ્દર્શન થતું નથી. અભેદસ્વભાવની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે જ ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થાય છે, તે પ્રમાણજ્ઞાન છે. નિશ્ચય અને વ્યવહાર બે નય તે પ્રમાણના અવયવ છે અને પ્રમાણ અવયવી છે માટે વ્યવહાર હોય તો નિશ્ચય થાય એ વાત તદ્દન જૂઠી છે. જૈન-દર્શનનો ત્રિકાળ મહા સિદ્ધાંત એક જ છે કે ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. નિશ્ચય પ્રથમ હોય પછી જ વ્યવહાર હોય. વ્યવહાર પહેલાં ને પછી નિશ્ચય એ વાત ત્રણકાળમાં કદી ન હોઈ શકે. વસ્તુનું સ્વરૂપ જ એવું નથી.

દિગંબર ધર્મ તો અનાદિથી એકરૂપે જ ચાલ્યો આવે છે તેમાં બે હજાર વર્ષ પહેલાં ૧૨ વર્ષનો દુકાળ પડયો તેમાં કેટલાંક દિગંબર મુનિઓ પણ કપડાં વિના નભી ન શકયાં અને વસ્ત્ર રાખીને મુનિપણું મનાવવા લાગ્યાં તો તેની દૃષ્ટિ પણ પલટી ગઈ. નિશ્ચય પ્રથમ ને બદલે પહેલાં વ્યવહાર હોય તો નિશ્ચય થાય એવી ઊંધી દૃષ્ટિ થઈ ગઈ અને શ્વેતાંબર મત તેમાંથી શરૂ થયો.

અંતર્દૃષ્ટિપૂર્વક મુનિપણું લે તેને વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ ઉત્પન્ન થાય જ નહિ એવી વસ્તુસ્થિતિ છે. મુનિપણાની દશા જ એવી હોય કે વસ્ત્ર-પાત્ર લેવાનો રાગ હોય જ નહિ છતાં દૃષ્ટિ ફરી ગઈ તો તે મુનિઓને એવો રાગ આવ્યો તેમાં ધર્મ પલટાઈ

ગયો. વ્યવહાર પ્રથમ કેવી રીતે હોઈ શકે? અવયવી વિના અવયવ ક્યાંથી હોય? શરીર વિના હાથ-પગ ન હોય તેમ પ્રમાણજ્ઞાનરૂપ અવયવ વિના નિશ્ચય-વ્યવહારરૂપ નય–અવયવ ન હોઈ શકે? પ્રમાણજ્ઞાન જ સ્વભાવની દૃષ્ટિપૂર્વક સમ્યગ્દર્શનની સાથે પ્રગટ થાય છે.

સમયસારની ૧૧મી ગાથામાં ત્રણકાળ ત્રણલોકમાં કદી ન ફરે તેવો જૈનદર્શનનો અફર સિદ્ધાંત છે 'भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो' નિશ્ચયથી નિમિત્ત, રાગ અને ગુણ-ગુણીના ભેદથી પણ રહિત અભેદ ભૂતાર્થ સ્વભાવની દૃષ્ટિથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તેની સાથે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે, તેના બે ભાગ છે. સામાન્યને જોવાવાળા નયને નિશ્ચય કહે છે અને વિશેષને જોવાવાળા નયને વ્યવહાર કહે છે અને એક સાથે બંનેને જાણે તેને પ્રમાણજ્ઞાન કહેવાય છે.

મુખ્ય તે નિશ્ચય છે અને ગૌણ તે વ્યવહાર છે, સામાન્ય સ્વભાવ તે મુખ્ય છે, તેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે સાથે સમ્યગ્જ્ઞાન થાય છે તેમાં આ બે નય હોય છે.

જેને આત્માનો વિશ્વાસ આવી જાય છે તેને આત્મા સિવાય ક્યાંય આનંદ ભાસતો નથી, પોતાના નિરાકુળ સ્વભાવ પાસે વિષયો આકુળતારૂપ લાગે છે, સ્વાધીન સ્વભાવ પાસે બીજું બધું પરાધીન લાગે છે અને સ્વાશ્રયથી નિર્જરા થાય છે અને પરાશ્રયથી બંધ થાય છે એવું જાણતા જ્ઞાની સ્વભાવ છોડીને બહાર કોઈ પણ વિષયોમાં જવા માગતાં નથી.

આવા અતીન્દ્રિય આનંદના અનુભવની જેને પુષ્ટિ થઈ ગઈ છે, ક્ષણે-ક્ષણે આનંદનો અનુભવ થઈ રહ્યો છે તે આનંદ છોડીને બીજે બહારનો આનંદ લેવા માટે શું કામ જાય? જે એકવાર માંડ અગ્નિમાંથી નીકળીને પાણીમાં ગયો તે ફરી પાછો અગ્નિમાં શું કામ જાય? ન જ જાય. તેમ જે અતીન્દ્રિય આનંદમાં મસ્ત થયાં તે સંકલ્પ-વિકલ્પમાં શા માટે આવે?

સંસારના વિષયોના લંપટીઓ સ્ત્રી-પુત્રાદિમાં કેવા લીન હોય છે કે તેની પાસે પોતાનું દુઃખ પણ ભૂલી જાય છે. સ્ત્રી-પુત્રાદિને કાંઈક ઠીક ન હોય તો તેની ચિંતા કર્યા કરે અને પોતાને જો એ પૂછે કે તમને કેમ છે? તો એમ કહે કે મારું તો કાંઈ નહિ પણ તમને કેમ છે એ વાત કરો. આવા તો સંયોગોમાં લીન હોય છે. પરની પ્રીતિમાં પોતાનું દુઃખ પણ ભૂલી જાય છે.

શ્રોતા :–એ તો લાગણી કહેવાય.

પૂજ્ય ગુરુદેવ :–એ તો ધૂળની–દુઃખની લાગણી છે. એ તો આત્માને દુઃખરૂપ છે પણ એવી સુખની લાગણી થવી જોઈએ તો તેમાં આત્માનું હિત થાય.

જે જ્યાં રહે ત્યાં તેની રુચિ થાય....જ્યાં જરૂરિયાત જણાય ત્યાં વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ.

પ્રભુ! તુમ જાણગરીતી સહુ જગ દેખતા હો લાલ,
નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ....

હે નાથ! આપ તો અમારી સત્તા પણ શુદ્ધ જુઓ છો! એવી નિજ શુદ્ધ....શુદ્ધ પવિત્ર સત્તાની દૃષ્ટિ અને લીનતા થાય તેને બહારમાં કેમ રુચે? અંતરમાં જ એવી રુચિ જામે કે ત્યાંથી બહાર જ ન નીકળે. આ રીતે આવી દશા થવી સંભવિત છે, અસંભવિત નથી.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે યોગી આત્મા સિવાય બીજે પ્રવૃત્તિ ન કરે ત્યારે શું થાય છે તે કહો. તેનો ઉત્તર યોગીન્દ્રદેવ ૪૪મી ગાથા આપે છે:—

अगच्छंस्तद्विशेषाणामनभिज्ञश्च जायते ।
अज्ञाततद्विशेषस्तु बद्धयते न विमुच्यते ॥ ४४ ॥

વિશેષોથી અજ્ઞાત રહી, નિજ રૂપમાં લીન થાય,
સર્વ વિકલ્પાતીત તે, છૂટે, નહિ બંધાય. ૪૪.

જેને નિજ સ્વરૂપમાં બિરાજમાન આનંદપ્રભુની દૃષ્ટિ થઈ છે એવા અધ્યાત્મી જીવને પરમાનંદસ્વરૂપ આત્માની એવી લય લાગી છે કે તેને છોડીને તે બહારમાં શરીરની સુંદરતા–અસુંદરતા કે અનુકૂળતા–પ્રતિકૂળતાનો વિચાર પણ કરતાં નથી.

ધર્મી ભલે બહાર લડાઈમાં ઉભા હોય પણ દૃષ્ટિ એક ધ્રુવ ઉપરથી ખસતી નથી. દૃષ્ટિ પોતાના વિશેષ સ્વભાવ–પર્યાય ઉપર પણ જતી નથી તો શરીરાદિ બાહ્ય પદાર્થોની વિશેષ અવસ્થા ઉપર તો દૃષ્ટિ કયાંથી જાય? પોતાના વિશેષનો પણ આદર નથી તો પરના વિશેષનો આદર કયાંથી હોય?

ધર્મીને પોતાના પુરુષાર્થની નબળાઈને કારણે પોતાના વિશેષને જોતાં થોડાં રાગ-દ્વેષ થઈ જાય છે, તેમ પરના વિશેષમાં પણ રાગ-દ્વેષ થઈ જાય છે પણ તે રાગ-દ્વેષ પરના વિશેષથી થાય છે એમ નથી પણ પોતાની નબળાઈથી થાય છે. જુઓ, ઇષ્ટઉપદેશમાં પણ કેવી સૂક્ષ્મ વાત કરે છે!

સમ્યગ્દર્શન થતાં શુદ્ધાત્માની દૃષ્ટિના માણેકસ્તંભ તો રોપાઈ જાય છે પછી આત્માની વિશેષ લગની લાગે છે તેની વાત ચાલે છે. લગનમાં ફટાણાં કેવાં કેવાં બોલે પણ જાનૈયાને તે વિશેષનું લક્ષ નથી. સામાન્ય, એક કન્યાને લઈ જવાનું લક્ષ છે, તેમ ધર્મીને

પોતાના કે પરના વિશેષ ઉપર લક્ષ નથી. ધ્રુવ સામાન્ય આનંદસ્વભાવની લગની આડે ધર્મી બીજા કોઈને જોતાં નથી, કોઈની દરકાર કરતાં નથી.

અહો! દિગંબર ભાવલિંગી સંતોના એક એક શ્લોક અને એક એક ભાવોનું શું કહેવું? અલ્પ શબ્દોમાં મહાન ભાવો ભરી દીધા છે.

એકવાર જેને નિજસ્વરૂપનો અનુભવ થઈ જાય છે તેની દૃષ્ટિમાં સદાય સામાન્ય સ્વભાવ જ તરવર્યા કરે છે. તેનું પરિણમન અંતર્મુખ થઈ જાય છે, તેને બહારમાં ક્યાંય એકત્વ ભાસતું નથી. એવા ધર્મી–યોગી પોતાના અને બહારના વિશેષો તરફ દૃષ્ટિ કરતાં નથી, તેથી રાગ–દ્વેષ થતાં નથી, તેથી તેને કર્મોનું બંધન પણ થતું નથી અને કર્મોની નિર્જરા થાય છે.

અંતરસ્વભાવની દૃષ્ટિના જોરથી શુદ્ધિની વૃદ્ધિ જેમ જેમ વધતી જાય છે તેમ તેમ બહારમાં કર્મોની નિર્જરા પણ વધતી જાય છે.

આહાહાહા...! શ્લોક બનતા હશે ત્યારે મુનિઓના હૃદય કેવું અલૌકિક કામ કરતાં હશે? કેવા ઊંચા ભાવો થતાં હશે! આમાંથી તો એ ભાવલિંગી સંત છે એવા ભણકાર ઉઠે છે.

પૂર્વે અજ્ઞાનદશામાં પોતાના અને પરના વિશેષ ઉપર દૃષ્ટિ હતી, પર્યાયબુદ્ધિ હતી. ત્યારે વિશેષને જોઈને જે રાગ-દ્વેષ થતાં હતાં તેને કારણે બંધ થતો હતો તે હવે દૃષ્ટિ ત્યાંથી ખસીને સામાન્ય સ્વભાવની દૃષ્ટિ થતાં વિશેષના લક્ષે થતાં રાગ–દ્વેષ બંધ થયા અને સ્વભાવની શુદ્ધિ વધી ગઈ તેથી કર્મોની નિર્જરા થાય છે. જુઓ! પોતાના વિશેષ ઉપરથી દૃષ્ટિ હટી ગઈ તો વિશેષમાં ઉલટી શુદ્ધિ વધી જાય છે.

વાહ રે વાહ! મુનિરાજને શ્લોક પાછળ અમૃતના રેલમછેલ ઉછળે છે, તેમાંથી નીકળેલાં આ ભાવો છે.

ખરેખર તો પોતાના અને પરના વિશેષનું લક્ષ છોડીને નિજસામાન્ય સ્વભાવનું લક્ષ કરતાં જે જ્ઞાન થાય તે જ યથાર્થ જ્ઞાન છે. સામાન્યસ્વભાવની દૃષ્ટિના જોરમાં વિશેષમાં શુદ્ધિ વધી જાય છે, ધર્મ વધી જાય છે અને કર્મોની નિર્જરા થાય છે. વ્રતાદિના વિકલ્પકાળે જે નિર્જરા થાય છે તેના કરતાં નિર્વિકલ્પદશા વખતે નિર્જરા વધી જાય છે. એટલે ખરેખર તો વ્રતાદિના વિકલ્પથી નિર્જરા થતી નથી પણ સામાન્યના આશ્રયે જેમ જેમ શુદ્ધિ વધતી જાય છે તેમ તેમ નિર્જરા પણ વધતી જાય છે. [ ક્રમશઃ ]

# શુદ્ધ ચૈતન્યનું અવલંબન લેવું તે જૈનદર્શન

[ શ્રી નિયમસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

આ શુદ્ધભાવનો અધિકાર છે. શુભાશુભ ભાવો આત્માની પર્યાયમાં થાય છે તે તો નહિ પણ શુદ્ધ સ્વભાવના આશ્રયે જે શુદ્ધભાવ નવો પ્રગટ થાય તેની પણ અહીં વાત નથી. પરંતુ ચૈતન્યસ્વભાવ-એકરૂપ શુદ્ધ સ્વભાવ જે શુદ્ધતા પ્રગટ થવાનું કારણ છે એવા અનાદિ અનંત એકરૂપ કારણ શુદ્ધભાવનો આ અધિકાર છે. તેમાં અહીં આપણે ૬૧ મો શ્લોક આવ્યો છે.

**શ્લોકાર્થ:—"ભક્તિથી નમેલા દેવેન્દ્રો મુગટની સુંદર રત્નમાળા વડે જેમના ચરણોને પ્રગટ રીતે પૂજે છે એવા મહાવીર તીર્થાધીનાથ દ્વારા આ સંતો જન્મ-જરા-મૃત્યુનો નાશક અને દુષ્ટ પાપ સમૂહરૂપી અંધકારનો ધ્વંસ કરવામાં ચતુર એવો આ પ્રકારનો (પૂર્વોક્ત) ઉપદેશ સમજીને સત્શીલરૂપી નૌકા વડે ભવાબ્ધિના સામા કિનારે પહોંચી જાય છે." ૬૧.**

"દેવોના પૂજ્ય ભગવાનનો ઉપદેશ ધારીને સંતો
સત્શીલરૂપી નૌકાથી સંસારનો પાર પામે છે."

સંતપુરુષો ભગવાનનો કહેલો ઉપદેશ સમજીને સંસારનો પાર પામે છે. હવે પ્રથમ ઉપદેશ દેનાર ભગવાન કેવા હોય છે તે કહે છે. દેવોના ઇન્દ્રો પણ ભગવાનને નમે છે. તેઓ તેમના મુગટોની સુંદર રત્નમાળા વડે ભગવાનના ચરણોને પૂજે છે. એવા ચાર તીર્થના સ્વામી તીર્થંકરનો ઉપદેશ કેવો છે? જન્મ, જરા, મૃત્યુનો નાશ કરવામાં ને મિથ્યાત્વરૂપી પાપનો નાશ કરવામાં તે ઉપદેશ અસરકારક છે. તે ઉપદેશમાં એમ આવ્યું કે પર્યાયમાં થતો વિકાર એક સમય પૂરતો છે, શુદ્ધ સ્વભાવમાં વિકાર નથી—એવો ભગવાનનો ઉપદેશ પોતામાં યથાર્થ ધારીને સંતો શુદ્ધ સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટાવે છે, ને તે નૌકા વડે ભવરૂપી દરિયાને ઓળંગી મોક્ષદશાને પામે છે.

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આત્મા નિર્મૂઢ છે. ૪૩.

**અન્વયાર્થ:—આત્મા નિર્દંડ, નિર્મમ, નિર્દ્વંદ્વ, નિઃશરીર, નિરાલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય છે.**

મન, વચન, કાયાના નિમિત્તે થતો વિકાર તે દંડ છે, તે ત્રિકાળી સ્વભાવમાં નથી.

રાગદ્વેષનું બેપણું શુદ્ધ સ્વભાવમાં નથી. શુદ્ધ આત્મામાં મમતા નથી, શરીર નથી, પરનું આલંબન નથી, રાગ નથી, દ્વેષ નથી, મૂઢતા નથી, ભય નથી. પર્યાયમાં થતાં દોષો શુદ્ધ સ્વભાવમાં નથી એમ બતાવી સ્વભાવ દૃષ્ટિ કરાવવી છે.

(૧) "મન વચન કાયાના દંડ પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવ દંડ રહિત ને કર્મરહિત છે."

'મનદંડ, વચનદંડ અને કાયદંડને યોગ્ય દ્રવ્યકર્મો તથા ભાવકર્મોનો અભાવ હોવાથી આત્મા નિર્દંડ છે.'

આત્માની એક સમયની પર્યાયમાં મન, વચન ને કાયાના લક્ષે થતાં શુભાશુભભાવો તે દંડ છે ને તે એક સમય પૂરતી અવસ્થામાં છે. ભક્તિનો ભાવ, ઉપવાસનો વિકલ્પ, મહાવ્રતનો વિકલ્પ બધો દંડ છે. હિંસા જુઠું, ચોરી પાપરાગ છે, દયા, દાન, પૂજા વિગેરે શુભરાગ છે. બન્ને દંડ છે. તે દંડને યોગ્ય દ્રવ્યકર્મ ને ભાવકર્મનો એક સમયની પર્યાયમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

અહીં ત્રણ પ્રકારના દંડ કહ્યા, એટલે બધા એક સમયે હોય છે એમ સમજવું નહિ. મનોયોગ હોય ત્યારે વચનયોગ ન હોય, એ પ્રકારે સમજવું ને શુભ ઉપયોગ હોય ત્યારે અશુભ ન હોય. વળી શુભ-અશુભના પણ અસંખ્ય પ્રકાર છે. એક સમયે એક ભેદ હોય પણ અહીં સમુચ્ચય વાત કરી કે મન-વચન-કાયાના દંડના પરિણામ તથા તેને યોગ્ય દ્રવ્યકર્મોનો શુદ્ધ સ્વભાવમાં અભાવ છે તેથી આત્મા નિર્દંડ છે પણ તેથી કરીને પર્યાયમાં પણ આત્મા નિર્દંડ છે એમ કોઈ સમજી લ્યે તો તે પણ બરાબર નથી. પર્યાયમાં પણ આત્મા નિર્દંડ હોય તો તેને કાંઈ કરવાનું રહેતું નથી. ને પર્યાયમાં પ્રગટ આનંદ હોવો જોઈએ પણ એમ નથી. અહીં તો પર્યાયબુદ્ધિ છોડાવવા ને સ્વભાવ-બુદ્ધિ કરાવવા દંડનો શુદ્ધભાવમાં અભાવ બતાવ્યો છે. આ શુદ્ધભાવ અધિકાર છે. જીવને શુદ્ધભાવની દૃષ્ટિ થતાં પર્યાયબુદ્ધિ ટળે છે ને અસ્થિરતા ટળતાં ને સ્થિરતા થતાં કેવળજ્ઞાન તથા મુક્તિને પામે છે.

આત્માની પર્યાયમાં મન, વચન, કાયાના લક્ષે થતાં શુભાશુભભાવો બધા દંડ છે પણ તેટલો જ આત્મા નથી. આત્મા ત્રિકાળ શુદ્ધ છે માટે દંડની રુચિ છોડી ત્રિકાળ-સ્વભાવની રુચિ કર તો ધર્મદશા પ્રગટે તેમ છે.

શ્રોતાઃ—આવી નિર્દંડ દશા કોણ કયારે પ્રગટ કરી શકે?

પૂજ્ય ગુરુદેવઃ—દરેક લાયક જીવ તે પ્રગટ કરી શકે છે. વેપારી સમજે કે વેપારધંધાની ક્રિયા જડ છે ને વેપારધંધાના અશુભ રાગનો દંડ પર્યાયમાં હોવા છતાં તે વિકાર આત્માનું સ્વરૂપ નથી, આત્મા શુદ્ધસ્વરૂપી છે એવી દૃષ્ટિ રાખવી તે નિર્દંડપણું છે.

પર્યાયમાં દંડ હોવા છતાં સાચી દૃષ્ટિ ચોવીશે કલાક રાખી શકે છે. પર્યાયમાં દંડ ન હોય તો વીતરાગતા હોવી જોઈએ. પણ ધર્મી સમજે છે કે વિકાર એક સમય પૂરતો છે, ત્રિકાળીમાં તો નથી. આમ ત્રિકાળી શુદ્ધભાવની રુચિ થતાં પર્યાયની રુચિ રહેતી નથી એ જ ધર્મ છે.

જીવાદિ નવ પદાર્થો જગતમાં છે પણ પોતાના ધ્રુવ શુદ્ધ આત્મામાં બીજા જીવોનો તથા અજીવાદિ સમસ્ત પદાર્થોનો અભાવ છે માટે આત્મા બેપણારહિત છે–નિર્દ્વંદ્વ છે.

"નિશ્ચયથી પરમ પદાર્થ સિવાયના સમસ્ત પદાર્થ સમૂહનો ( આત્મામાં ) અભાવ હોવાથી આત્મા નિર્દ્વંદ્વ છે."

આત્મા શુદ્ધ ચૈતન્ય એકરૂપ છે તેમાં બાહ્ય બીજા ચેતન ને જડ પદાર્થોનો તો અભાવ જ છે પણ દયાદાનાદિ વિકલ્પોનો પણ અભાવ છે. બીજા જીવો, અજીવ પદાર્થો, પુણ્ય–પાપ, આસ્રવ, બંધ–સંવર, નિર્જરા ને મોક્ષ એ તત્ત્વો પણ શુદ્ધ ધ્રુવ સ્વભાવમાં નથી. આત્માની સાથે ઉપર કહ્યા તેવાં કોઈ પણ તત્ત્વો માનવામાં આવે તો દ્વૈતપણું ઉત્પન્ન થાય છે. મોક્ષ પણ એક સમયનો પર્યાય છે. પરમ શુદ્ધભાવમાં મોક્ષની પર્યાયનો અભાવ છે. આવા શુદ્ધભાવનું અવલંબન લેતાં અનેકપણું અથવા દ્વૈતપણું ઉત્પન્ન થતું નથી ને આત્માનો અનુભવ થાય છે. જીવ અજીવ વિગેરે સાત તત્ત્વો કહ્યા તેના લક્ષે વિકલ્પો ઉઠે છે. પર્યાયમાં દ્વૈતપણું અથવા અનેકપણું છે ખરૂં. કોઈ કહે કે આત્મા સર્વથા અદ્વૈત જ છે ને બીજી વસ્તુઓ જ નથી ને પર્યાય પણ નથી તો તે વાત સર્વથા ખોટી છે. બીજા જીવો ને અજીવ પદાર્થો છે ને પોતામાં વિકલ્પો ઉઠતાં રાગવાળી આસ્રવ બંધવાળી પર્યાય થાય છે ને શુદ્ધતાં થતાં સંવર, નિર્જરા ને મોક્ષની પર્યાય થાય છે. એમ પર્યાય પણ છે પણ તે વ્યવહારનયનો વિષય છે. આત્મા ને પર્યાય એવા બેપણાને લક્ષે પર્યાયબુદ્ધિ ઉત્પન્ન થાય છે ને ધર્મ થતો નથી તેથી દ્રવ્યદૃષ્ટિ કરાવવા અભેદ અદ્વૈત આત્માની શ્રદ્ધા કરાવવા એમ કહ્યું કે શુદ્ધ આત્મામાં બીજા પદાર્થો તથા મોક્ષની પર્યાયનો પણ અભાવ છે. આત્મા બેપણારહિત છે એટલે કે આત્મા નિર્દ્વંદ્વ છે. આવો નિર્દ્વંદ્વ આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે તેને લક્ષમાં લઈ સ્થિર થવાથી બેપણાનો અભાવ થાય છે ને આત્મા એકરૂપ પોતાનો અનુભવ કરે છે.

"પ્રશસ્ત અપ્રશસ્ત મોહ, રાગ, દ્વેષ એક સમય પૂરતી અવસ્થામાં છે પણ શુદ્ધ ધ્રુવ સ્વભાવમાં તેનો અભાવ છે માટે આત્મા નિર્મમ છે."

દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે લાગણી થાય છે તે પ્રશસ્ત મોહ ને રાગ છે. ભગવાન પ્રત્યે સમ્મેદ-શિખર, શત્રુંજય, સોનગઢ વિગેરે જાત્રાના સ્થળો પ્રત્યે રાગ થાય તે પ્રશસ્ત રાગ છે. ને સાચા દેવ–શાસ્ત્ર–ગુરુની વિરુદ્ધ કોઈ બોલતો હોય તેના પ્રત્યે અલ્પદ્વેષ થઈ આવે તે

પ્રશસ્ત દ્વેષ છે. પ્રશસ્ત મોહ, રાગ, દ્વેષ પરને લીધે થતા નથી. પોતાના કારણે એક સમયની પર્યાયમાં થાય છે ને તે પુણ્યબંધનું કારણ છે પણ ધર્મનું કારણ નથી. બૈરા, છોકરા કુટુમ્બ પ્રત્યે લાગણી તે અપ્રશસ્ત મોહ ને રાગ છે ને પોતાના કુટુમ્બથી વિરુદ્ધ હોય તેના પ્રત્યે દ્વેષ થવો તે અપ્રશસ્ત દ્વેષ છે. તે મોહ રાગ ને દ્વેષ પર જીવોના કારણે થતો નથી, પોતાના કારણે એક સમયની પર્યાયમાં થાય છે.

વળી મોહ ને દ્વેષ સાથે હોય અથવા મોહ ને રાગ સાથે હોય પણ ત્રણે એક સાથે ન હોય. વળી પ્રશસ્ત વખતે અપ્રશસ્ત ન હોય ને અપ્રશસ્ત વખતે પ્રશસ્ત ન હોય. જ્યારે જે પ્રકારે વર્તતો હોય તેની રુચિ છોડાવવા એમ કહ્યું કે શુદ્ધ આત્મામાં પ્રશસ્ત કે અપ્રશસ્ત સમસ્ત મોહ રાગ-દ્વેષનો અભાવ છે. દેવ-શાસ્ત્ર-ગુરુને લીધે રાગ થાય અથવા કુટુમ્બના કારણે રાગ થાય એવું વસ્તુસ્વરૂપ તો છે જ નહીં પણ પોતાના કારણે થતા મમતાના પરિણામ એક સમય પૂરતા છે, પણ શુદ્ધ સ્વભાવ મમતા રહિત છે.

"નિર્મમ આત્માના આશ્રયે પ્રગટતી સ્વ-પરપ્રકાશક જ્ઞાનની નિર્મળ પર્યાય તે જૈનશાસન છે."

કોઈ જીવ એમ કહે કે પર્યાયમાં પણ મમતા નથી અથવા મમતા પરને લીધે છે તે તો ખોટા જ છે. પરને લીધે મમતા હોય તો મમતા કદી ટળે નહિ ને મમતા ન જ હોય તો આનંદ હોવો જોઈએ ને મમતા જેટલો જ આત્મા હોય તો મમતા પોતાનું કાયમી સ્વરૂપ થઈ જાય પણ એમ નથી. મોહ-રાગ-દ્વેષ એક સમય પૂરતી અવસ્થામાં છે તેની રુચિ તે સંસાર છે તેના જેટલો આત્મા માનવો તે જૈનદર્શન નથી. પણ મોહ-રાગ-દ્વેષ આત્મામાં નથી, આત્મા શુદ્ધ ચૈતન્ય નિર્મમ છે. એમ શુદ્ધ ચૈતન્યનું અવલંબન લેવું તે ધર્મ છે ને તે જૈનદર્શન છે. આમ ત્રિકાળી નિર્મમ સ્વભાવનો આશ્રય લેતાં સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલે છે ને તેમાં ત્રિકાળી સ્વ-આત્માને જાણતાં વર્તમાન પર્યાયમાં બાકી રહેલા રાગ-દ્વેષને પણ જાણી લે છે. આમ સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળી પ્રગટતી નિર્મળ-પર્યાયને જૈનશાસન કહે છે ને એ નિયમસાર છે.

"શરીરના નિમિત્તપણાની યોગ્યતા પર્યાયમાં છે, પણ શુદ્ધ સ્વભાવમાં એવી યોગ્યતા નથી માટે આત્મા નિઃશરીર છે."

'નિશ્ચયથી ઔદારિક, વૈક્રિયિક, આહારક, તેજસ અને કાર્મણ નામનાં પાંચ શરીરોનાં સમૂહનો અભાવ હોવાથી આત્મા નિઃશરીર છે.'

મનુષ્ય તથા તિર્યંચને ઔદારિક શરીર હોય છે. નારકી તથા દેવોને વૈક્રિયિક શરીર હોય છે. કોઈ ભાવલિંગી લબ્ધિવાળા મુનિને તત્ત્વમાં કાંઈ આશંકા થાય ને ભગવાન પાસે જવા ઇચ્છા કરે ને લબ્ધિ ફેરવે તો માથામાંથી સફેદ પૂતળું નીકળે છે જે ભગવાન

પાસે જઈને શંકા સમાધાન કરે છે તે શરીરને આહારક શરીર કહે છે. શરીર ઘસવાથી ઉષ્ણતા માલુમ પડે છે તે તેજસ શરીરની છે ને આઠ કર્મોનો સમૂહ તે કાર્મણ શરીર છે. તેજસ કાર્મણ શરીર બધાં સંસારીને હોય છે. આવા શરીરનો સંબંધ જીવની એક સમયની પર્યાય સાથે નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ધરાવે છે. સંસારદશામાં શરીર નિમિત્તરૂપ હોય છે. પાંચે શરીર એક સાથે ન હોય, પણ જે વખતે જે જે શરીરો હોય તે સમજી લેવા. પણ એવો સંબંધ પર્યાય સાથે છે. શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી જોવામાં આવે તો આત્માને શરીરની સાથે એવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ પણ નથી. આત્મા નિઃશરીર છે તેવા નિઃશરીર આત્માને લક્ષે ધર્મ થાય છે. મુનિને આહારક શરીરની લબ્ધિ મળે તે પણ એક સમયની પર્યાય છે. શુદ્ધ આત્મામાં તે પર્યાય નથી ને તેમને લબ્ધિ ઉપર દૃષ્ટિ નથી. ને કોઈવાર વિકલ્પ આવે ને લબ્ધિ ફોરવે તોપણ ત્રિકાળી શુદ્ધ આત્માનો આશ્રય એક સમય પણ છૂટતો નથી. વિગ્રહગતિમાં માત્ર તૈજસ ને કાર્મણ શરીર હોય છે. જ્ઞાની જીવોને વિગ્રહગતિમાં પણ બે શરીરનો આશ્રય નથી પણ શુદ્ધ આત્માનો આશ્રય વર્તે છે. આમ પોતાનો શુદ્ધ આત્મા શરીરના નિમિત્ત–નમિત્તિક સંબંધ રહિત છે એવા ત્રિકાળી સ્વભવના શ્રદ્ધા જ્ઞાન કરતાં પર્યાયમાં આવો નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. એનું યથાર્થ જ્ઞાન થાય છે. પર્યાયની યોગ્યતાના જ્ઞાનને લીધે ત્રિકાળી આત્માનું જ્ઞાન થતું નથી, પણ ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન થતાં પર્યાયનું જ્ઞાન યથાર્થ થઈ જાય છે. આમ નિઃશરીરી ત્રિકાળી શુદ્ધભાવવાળા આત્માનો આશ્રય કરતાં રાગ–દ્વેષ ટળે છે ને પર્યાયમાં શરીરના–નિમિત્તની યોગ્યતા પણ રહેતી નથી માટે શરીર ઉપરનું લક્ષ છોડી શુદ્ધસ્વભાવના શ્રદ્ધા જ્ઞાન કરવા તે ધર્મ છે.

"કારણપરમાત્માને પરપદાર્થો તથા શુભાશુભ ભાવોનું અવલંબન નથી માટે આત્મા નિરાલંબ છે."

'નિશ્ચયથી પરમાત્માને પરદ્રવ્યનું અવલંબન નહિ હોવાથી આત્મા નિરાલંબ છે.'

આત્માને દેવ-શાસ્ત્ર-ગુરુનું અવલંબન તો નથી પણ દયા–દાનાદિના ભાવનું પણ અવલંબન નથી. આત્માને પોતાના શુદ્ધસ્વભાવનું અવલંબન છે પણ પરનું અવલંબન નથી, માટે તે નિરાલંબ છે. વ્યવહારશાસ્ત્રોમાં કોઈવાર કથન આવે કે સમ્યગ્દૃષ્ટિને શુભરાગનું તથા ભગવાનનું અવલંબન છે પણ તે કથન નિમિત્તનું જ્ઞાન કરવા માટે છે. આત્મા પરપદાર્થથી ને વિકારથી રહિત છે. એમ શ્રદ્ધા જ્ઞાન કર્યા પછી પરિપૂર્ણ વીતરાગદશા ન થાય ત્યાં સુધી અધૂરી દશામાં રાગ થઈ આવે છે ને ત્યારે જે જે પ્રકારના રાગના નિમિત્તો હોય તેના ઉપર લક્ષ જાય છે. તેથી વ્યવહારથી તેનું આલંબન લીધું એમ કથન કરવામાં આવે છે. તે જ વખતે ધર્મી જીવને રાગ કે ભગવાનનું આલંબન

નથી પણ શુદ્ધ સ્વભાવનું જ અવલંબન વર્તે છે. છતાં પણ જાણે છે કે નબળાઈ ને લીધે રાગ થયો છે ને નિમિત્ત ઉપર લક્ષ જાય છે. કોઈ જીવ એમ માને કે અધૂરી દશામાં તેવા રાગ ને નિમિત્તો હોતાં જ નથી તોપણ ખોટો છે ને રાગ ને નિમિત્તો છે માટે ધર્મ થયો એમ માને તોપણ ખોટો છે. તે જીવો નિશ્ચય-વ્યવહાર એકેયને સમજતાં નથી.

"ધર્મી જીવ ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન કરતાં અધૂરી દશામાં રહેલા રાગ ને નિમિત્તોનું જ્ઞાન વ્યવહારે કરે છે."

ઇન્દ્રો પણ ભક્તિ વખતે નાચે છે, દેહની ક્રિયા દેહના કારણે થાય છે. નબળાઈનો રાગ જ્ઞાનનું જ્ઞેય છે, રાગને પોતાનું સ્વરૂપ માનતા નથી. વ્રત, તપ, પૂજા, ભક્તિના ભાવ એ રાગ છે. જે ભાવે તીર્થંકર નામકર્મ બંધાય તે પણ રાગ છે, તેનો આશ્રય કરવા જેવો નથી. પોતાનો શુદ્ધ આત્મા એક જ આલંબન કરવા જેવો છે. એવું ભાન છે, તેને ધર્મદશા પ્રગટ થાય છે. તત્ત્વાર્થસૂત્રમાં વિકારને સ્વતત્ત્વ કહેલ છે તેનું કારણ એ છે કે તે પરને લીધે નથી પણ પોતે કરે છે એમ તેમાં પર્યાય સત્ બતાવવી છે. અહીં તે વિકારનું આલંબન ધર્મી જીવને નથી એમ બતાવી શુદ્ધ સ્વભાવને નિરાલંબ બતાવવો છે. આમ ધર્મી જીવને શુદ્ધ સ્વભાવની જ રુચિ વર્તે છે. શુદ્ધ સ્વભાવ તે નિત્ય છે ને સમય સમયનો વિકાર અનિત્ય છે, તેનો નિષેધ વર્તે છે. આમ ત્રિકાળી સ્વભાવનું જ્ઞાન કરતાં પર્યાયમાં રહેલાં અનિત્ય રાગ-દ્વેષાદિનું જ્ઞાન થઈ જાય છે. તે વ્યવહારનયથી છે. આમ જ્ઞાન પ્રમાણ થાય છે. જે વ્યવહારથી લાભ માને તેનો નિશ્ચય કે વ્યવહાર એકે સાચો નથી ને રાગ ને નિમિત્તો સાધકદશામાં બિલકુલ નથી એમ કહે તોપણ તેનું જ્ઞાન ખોટું છે. ત્રિકાળ સ્વભાવના શ્રદ્ધા જ્ઞાન હોવા છતાં અધૂરી દશામાં જે રાગ ને નિમિત્તો હોય છે તેનું ધર્મી જીવ વ્યવહારે જ્ઞાન કરાવે છે, છતાં રાગ વખતે પણ શુદ્ધ સ્વભાવનું જ અવલંબન વર્તે છે.

"ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં તેનો અભાવ છે માટે આત્મા નિરાગ છે."

'મિથ્યાત્વ, વેદ, રાગ, દ્વેષ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા, લોભ નામના ચૌદ અભ્યંતર પરિગ્રહોનો અભાવ હોવાથી આત્મા નિરાગ છે.'

શુદ્ધ આત્મામાં ચૌદ પ્રકારના અભ્યંતર પરિગ્રહ નથી. એક સમય પૂરતી અવસ્થામાં છે પણ ત્રિકાળી શુદ્ધ સ્વભાવમાં તે નથી.

મિથ્યાત્વ:—પરપદાર્થની, નિમિત્તની, પુણ્ય-પાપની રુચિ કરવી ને સ્વભાવની રુચિ છોડવી તે મિથ્યાત્વ છે. નિમિત્ત હોય તો લાભ થાય, પુણ્યથી ધર્મ થાય, એક સમયની

પર્યાય જેટલો આત્મા માનવો તે મિથ્યાત્વનો મોટો રોગ છે, તેને પરિગ્રહ ગણી શુદ્ધ આત્મામાં તે નથી એમ કહ્યું છે. શુદ્ધ આત્માનું અવલંબન લેતાં મિથ્યાત્વ ટળી જાય છે.

વેદ:—પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુંસકવેદ. એક સમયનો વિકાર છે, શુદ્ધ સ્વભાવમાં તે નથી. જ્ઞાનીને અધૂરી દશામાં અલ્પ વેદના પરિણામ છે. પણ તેને પોતાની ચીજ માનતો નથી. વેદની પકડ નથી. જ્ઞાનને તે પોતાની ચીજ માને છે.

રાગ:—શુભાશુભ રાગ જીવની પર્યાયમાં છે, તે ત્રિકાળી સ્વભાવમાં નથી.

દ્વેષ:—અણગમાની લાગણી એક સમયની પર્યાયમાં છે, શુદ્ધ સ્વભાવમાં દ્વેષ નથી.

હાસ્ય:—હાસ્ય અથવા કુતૂહળતાના પરિણામ એક સમય પૂરતા છે, ત્રિકાળી સ્વભાવમાં તે નથી. ધર્મી જીવને મિથ્યાત્વના પરિણામ નથી પણ અસ્થિરતાના રાગ-દ્વેષાદિનાં, હાસ્ય વગેરેના પરિણામ છે. જો પર્યાયમાં બિલકુલ વિકાર ન હોય તો વીતરાગ હોવો જોઈએ. પણ પર્યાયમાં થતાં ભાવો સ્વભાવમાં નથી એમ કહી અભાવ કહ્યો છે. દ્રવ્યદૃષ્ટિ કરાવવા એ કથન છે. જે જીવને પોતાના શુદ્ધ આત્માને છોડીને બીજી ચીજોને દેખીને વિસ્મયતા લાગે ને હાસ્ય આવે તે મિથ્યાત્વનું હાસ્ય છે. ધર્મી જીવને પોતાની નબળાઈને કારણે અલ્પ હાસ્યના પરિણામ આવે તેને પોતાનું સ્વરૂપ માનતો નથી, કારણ કે એવા પરિણામ શુદ્ધ સ્વભાવમાં નથી.

રતિ:—અનુકૂળ પદાર્થો પ્રત્યે રાજીપો—નવા મકાન કે દાગીનાની પ્રાપ્તિ થાય, દીકરાના જન્મ વખતે રાજીપાના પરિણામ થાય તેને રતિ કહે છે, તે પરિણામ પર્યાયમાં છે, પણ શુદ્ધ સ્વભાવમાં નથી. ધર્મીજીવને રતિ હોવા છતાં રતિનું અવલંબન નથી પણ શુદ્ધ સ્વભાવનું જ અવલંબન વર્તે છે.

અરતિ:—પરીક્ષામાં નાપાસ થવાથી દિલગીરીના પરિણામ થવા અથવા એવા કોઈ પ્રસંગે શોક થઈ આવવો તે અરતિ છે. એક સમયની પર્યાયમાં એવા પરિણામ છે. શુદ્ધ સ્વભાવમાં તેનો અભાવ છે. શુદ્ધ સ્વભાવનો આશ્રય લેતાં અરતિ વગેરે ટળી જાય છે. આત્માના શ્રદ્ધા—જ્ઞાન કરે તે જીવ પાસ છે. બાકી બધા નાપાસ છે.

અહીં આ બધા પરિણામો પર્યાયમાં થાય છે પણ શુદ્ધ સ્વભાવમાં નથી એમ કહી પર્યાયબુદ્ધિ છોડાવી છે, ને શુદ્ધભાવની સ્વભાવબુદ્ધિ કરાવી છે અને એ જ ધર્મનું કારણ છે. [ ક્રમશઃ ]

# * વૈરાગ્યજનની : બાર ભાવના *

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

લોકમાં જીવ અને પુદ્‌ગલ વગેરે બધા પદાર્થો સમયે સમયે પરિણમે છે, તેના દ્રવ્ય ગુણ પર્યાયની સ્વતંત્રતાનો સમ્યગ્દૃષ્ટિ જીવ વિચાર કરે છે. સ્કંધમાં વિભાવરૂપ પરિણામ થાય છે, તે પોતાની પરિણમન યોગ્યતાથી થાય છે, ત્યાં પણ એકેક પરમાણુને પરસ્પર પર્યાયમાં અન્યોન્ય અભાવ છે. વળી બે ગુણ અધિક બંધનું કારણ થાય છે ત્યાં પણ પ્રત્યેક પરમાણુની યોગ્યતાથી સ્વતંત્ર બંધપર્યાય થાય છે, એક પરમાણુ બીજાને સ્પર્શતો નથી. કેમ કે સ્વચતુષ્યનો અભાવ છે.

પરમાણુ સજાતિય બંધરૂપ પરિણમે, વિજાતિય બંધરૂપ પરિણમે કે છૂટાપણે પરિણમે–તે પોતાના કારણે છે. એક સમયની પર્યાય પરતંત્ર માનો તો તેનું ત્રિકાળી સામાન્ય સ્વતંત્ર નહિ, સામાન્ય ગુણ સ્વતંત્ર નહિ, તો અનંતગુણોનો આધાર દ્રવ્ય પણ સ્વતંત્ર નહિ રહે.

પ્રબળ નિમિત્ત આવી જાય તો આત્માને વિભાવરૂપ પરિણમવું પડે એ વાત મિથ્યા છે. જીવ પોતાની કમજોરીથી પરાશ્રયપણે પરિણમે છે, બીજો કોઈ તેને પરિણમાવનાર નથી. પરિણમનારને કોણ પરિણમાવે ને પરિણમનને અયોગ્ય છે તેને કોણ પરિણમાવે ?

નિમિત્ત–નૈમિત્તિકમાં પણ પરસ્પર પૃથકતા છે–સ્વતંત્રતા છે, અને એવી દૃષ્ટિ થઈ તે સ્વ-પરને સ્વતંત્ર દેખે છે. મિથ્યાદૃષ્ટિ પોતાની પરાધીન દૃષ્ટિ રાખીને બધાને સંયોગથી દેખે છે.

લાકડીના ઉપરના પરમાણુ નીચેના પરમાણુને આધારે રહ્યા નથી છતાં અન્યોન્ય આધાર કહેવો એ તો ઉપચાર કથન છે. ખરેખર પ્રત્યેક દ્રવ્યમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, આધાર એ છયે કારકો સ્વતંત્ર છે.

નિમિત્તના આધારે બીજી વસ્તુ છે એમ જોનાર પરાધીન દૃષ્ટિથી જુએ છે અને એ રીતે સર્વત્ર પરતંત્રતા દેખનાર વ્રતાદિ પાળે તે સમયે પણ અધર્મ કરે છે. ભાવલિંગી મુનિને કોઈ ઉપસર્ગ આવી પડે તે સમયે પણ તેઓ સ્વરૂપમાં લીન થઈ, શુકલધ્યાન શ્રેણીથી પરમસુખને ભોગવતા મોક્ષ જાય છે. કયારેય સંયોગનું બળ નથી. કથન ભલે ઉપચારથી હો, પણ કાર્ય તો એક પ્રકારે પોતપોતાથી થાય છે. જે કાળે, જે ક્ષેત્રે, જે રીતે કાર્ય થવા યોગ્ય છે તે તેમ જ થાય છે. તેને કોઈ નિમિત્ત અન્ય પ્રકારે પરિણમાવે

એમ ત્રણ કાળમાં બનતું નથી. નિમિત્તથી બને તો નૈમિત્તિક જુદું નહિ રહે. ઉપાદાન ઉપાદેયપર્યાયરૂપ થાય તો સામેની ચીજને નિમિત્તરૂપ ઉપચારકારણ કહેવાય. નિમિત્તથી કથન કરવું તે વ્યવહાર છે.

ચોપડી ચોપડીના કારણે રહી છે તે નિશ્ચય પ્રથમ સ્વીકારો, પછી સંયોગ કોણ છે તેનું જ્ઞાન કરવા કહેવું કે ઘોડી ઉપર ચોપડી છે, તે વ્યવહારકથન છે. મુખ્ય અનુપચાર નિશ્ચય સ્વીકાર્યા વિના ઉપચારનું કથન મિથ્યા છે. સંયોગથી જોનાર અસલી સ્વભાવને ભૂલે છે.

આગળ દ્રવ્યોના ઉત્પાદ–વ્યય તે શું છે? તે કહે છે.

**प्रतिसमयं परिणामः पूर्वः नश्यति जायते अन्यः ।**
**वस्तु विनाशः प्रथमः उपपादः भण्यते द्वितीयः ॥ २३८ ॥**

અર્થઃ--વસ્તુનો પરિણામ સમયે સમયે પ્રથમનો તો વિણસે છે અને અન્ય ઊપજે છે, ત્યાં પહેલાં પરિણામરૂપ વસ્તુનો તો નાશ વ્યય છે તથા અન્ય બીજો પરિણામ ઊપજ્યો તેને ઉત્પાદ કહીએ છીએ. એ પ્રમાણે ઉત્પાદ-વ્યય થાય છે. ૨૩૮.

વસ્તુનો પરિણામ સમયે સમયે પ્રથમ તો પોતાના કારણે જ વિણસે–ઊપજે છે. જડ–ચેતન બધા દ્રવ્યો પોતાની અનંત શક્તિથી ભરેલા ઇશ્વર છે. જડ–દ્રવ્ય પણ જડેશ્વર છે.

પ્રત્યેક ઉત્પાદ પર્યાયનો કાળ એક સમયનો છે. વ્યંજનપર્યાય પણ એક એક સમયની છે, સમયે સમયે નવી નવી છે. ઘણો કાળ સદૃશ દેખાય છે એ અપેક્ષાએ ધવળ પુ. ૫૦૪ માં મિથ્યાત્વને વ્યંજનપર્યાય કહેલ છે. તે સ્થૂળ ઋજુસૂત્રનયથી કહેલ છે. ખરેખર તો મિથ્યાત્વ એ અર્થપર્યાય છે. સમ્યગ્દર્શન પણ અર્થપર્યાય છે.

પ્રત્યેક સમયે નવી પર્યાય ઉત્પન્ન થાય છે, જૂનીનો વ્યય થાય છે. એમ સ્વતંત્ર પરિણમન શક્તિથી દરેક દ્રવ્ય પરિણમે છે. સ્વયંભૂસ્તોત્રમાં મુનિસુવ્રતજિનની સ્તુતિમાં કહ્યું છે કે ભગવાન! ઉત્પાદ–વ્યય–ધ્રુવ એક સમયમાં સત્‌ના ત્રણ અંશ તેમ જ દરેક પર્યાયની સ્વતંત્રતા આપે જે બતાવી છે તે જ આત્માની સર્વજ્ઞતા બતાવે છે. તેથી હે નાથ! આપ વદતાંબર છો અર્થાત્ વક્તાઓમાં શ્રેષ્ઠ છો. સર્વજ્ઞતા વિના પ્રતિ સમયની સ્વતંત્રતાનું કથન બનતું નથી.

સર્વજ્ઞનો નિર્ણય કરે તો જ્ઞાનસ્વભાવનાં નિર્ણય થઈ જાય, સર્વજ્ઞતા ક્યાંથી પ્રગટી! રાગ, નિમિત્ત કે અલ્પજ્ઞતા તે મારું મૂળ સ્વરૂપ નથી, ધ્રુવ જ્ઞાનાનંદ સ્વભાવમાંથી સર્વજ્ઞતા પ્રગટે છે.—એમ જ્ઞાનસ્વભાવની સન્મુખ પ્રતીત થઈ તેણે સર્વજ્ઞને ખરેખર

માન્યા કહેવાય. બધા પદાર્થો એકેક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે—એવું વસ્તુસ્વરૂપ સર્વજ્ઞ સિવાય કોઈ જાણી શકે નહિ. જગતમાં મહાવિદેહ, અસંખ્યાત દ્વીપ-સમુદ્ર, નરક સ્વર્ગ વગેરે બધુંય છે, તેને ન માને તે મિથ્યાદૃષ્ટિ છે. તેણે સર્વજ્ઞને પણ માન્યા નથી પોતાની અલ્પજ્ઞતામાં ન દેખાય તેથી કાંઈ તેનો નિષેધ થઈ શકે નહીં. સર્વજ્ઞદેવે જે જોયું છે અને કહ્યું છે તે જ સંતોએ કહ્યું છે, ને સમ્યગ્દૃષ્ટિ પણ તેવું જ કહે છે કોઈ કહે કે મહાવિદેહક્ષેત્ર ને સીમંધર ભગવાન વગેરે અમને દેખાતાં નથી. માટે તે નથી; તો એવી નાસ્તિકની વાત ધર્મી સાંભળે નહિ. પદાર્થો સત્ છે, મહાવિદેહ છે સીમંધર ભગવાન છે, પોતાના જ્ઞાનની અલ્પજ્ઞતાને લીધે તે ન દેખાય તેથી કાંઈ સત પદાર્થોનો નિષેધ ન થઈ શકે.

અહીં તો જગતના બધા પદાર્થોના સ્વરૂપનું વર્ણન ચાલે છે. જગતના બધા પદાર્થો પ્રત્યેક સમયમાં પરિણમે છે. પર્યાય-અપેક્ષાએ આખી વસ્તુ જ પરિણમે છે; ઘંટીનાં બે પડની જેમ એક ભાવ સર્વથા કૂટસ્થને બીજો ભાગ બદલે—એમ બે ભાગ ભિન્ન ભિન્ન નથી, પણ વસ્તુ પોતે પર્યાયપણે પલટે છે. પદાર્થ અને પર્યાય સર્વથા જુદા જુદા નથી. વસ્તુ પોતે પર્યાય-અપેક્ષાએ નવી ઊપજે છે ને વિણસે છે તથા ધ્રુવ પણ રહે છે. એકેક સમયને ભિન્ન પાડીને છદ્મસ્થ ભલે પકડી ન શકે, પણ સર્વજ્ઞે કહ્યા પ્રમાણે પદાર્થનો નિર્ણય કરે છે. સ્વભાવના ભાનપૂર્વક પદાર્થના આવા સ્વરૂપને જ્ઞાની જાણે છે. આવા નિશ્ચયસ્વરૂપના ભાન વિના વ્યવહાર કોને કહેવો? તેની પણ અજ્ઞાનીને ખબર પડે નહીં.

જો અસંખ્યાત દ્વીપ-સમુદ્ર ન માને તો અઢી દ્વીપ બહાર અસંખ્યાત તિર્યંચ પાંચમાં ગુણસ્થાનવર્તી છે તે પણ ખોટું મનાશે. આગમ તથા સર્વજ્ઞતા મિથ્યા ઠરશે.

આગળ દ્રવ્યના ધ્રુવપણાનો નિશ્ચય કહે છે:—

> नो उत्पद्यते जीवः द्रव्यस्वरूपेण नैव पश्यति ।
> तत् च एव द्रव्यमात्रं नित्यत्वं जानीहि जीवस्थ ॥ २३९ ॥

**અર્થ:—જીવદ્રવ્ય, વસ્તુસ્વરૂપથી તો નાશને પ્રાપ્ત થતું નથી કે ઊપજતું નથી. તેથી દ્રવ્યમાત્રથી જીવને નિત્યપણું સમજવું. ૨૩૯.**

પર્યાય-અપેક્ષાએ દરેક વસ્તુનું પ્રથમ સમયનું દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવપણું છે, તે બીજા સમયે નથી. પણ દ્રવ્ય-અપેક્ષાએ જીવાદિ કોઈ દ્રવ્ય નાશ પામતું નથી, એવું ને એવું સદૃશપણું છે. તેથી દ્રવ્યમાત્રથી જીવને પણ નિત્યપણું છે.

ભાવાર્થ:—એ જ ધ્રુવપણું છે કે જીવ, સત્તા અને ચેતનાથી તો ઊપજતો-બદલતો નથી. અર્થાત કોઈ નવો જીવ ઊપજતો કે બદલતો નથી. સતનો કોઈ કર્તા નથી-

વ્યવસ્થાપક નથી. કોઈ કોઈનું કરનાર-કરાવનાર નથી માટે પરાશ્રિત પર્યાયબુદ્ધિ છોડ અને નિત્ય દ્રવ્યબુદ્ધિ કર તે જ સાર વાત છે.

**अन्वयरूपं द्रव्यं विशेषरूपः भवेत् पर्यायः ।**
**द्रव्यं अपि विशेषेण हि उत्पद्यते नश्यति सततं ॥ २४० ॥**

અર્થ:—જીવાદિ વસ્તુ અન્વયરૂપ (સામાન્યરૂપ)થી દ્રવ્ય છે અને તે જ વિશેષ-રૂપથી પર્યાય છે. વળી વિશેષરૂપથી દ્રવ્ય પણ નિરંતર ઊપજે-વિણસે છે. ૨૪૦. [ ક્રમશઃ ]

## વૈરાગ્ય સમાચાર—

❀ દિલ્હીનિવાસી શ્રી નગીનદાસ (નાનુભાઈ) હિરાચંદ ઝોંસા (વર્ષ-૭૦) તા. ૧૮-૫-૮૮ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

❀ રાજકોટનિવાસી (હાલ-સાંતાક્રુઝ) શ્રી મૃદુલાબેન કાંતિલાલ શાહ (વર્ષ-૫૪) છેલ્લા ૭ વર્ષની કેન્સરની ગંભીર બિમારીના કારણે સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ કરો એ જ ભાવના.

—*—

અન્યાયથી ઉપાર્જન કરેલી લક્ષ્મી, બળાત્કારથી લાવેલી સ્ત્રી સમાન લાંબો વખત ટકશે નહિ, ધણીના ગુણપ્રેમથી આકર્ષાયેલી સ્ત્રી કાયમ રહેશે. તેમ ન્યાયથી ઉપાર્જિત લક્ષ્મી લાંબો વખત ટકી રહેશે. નીતિ તે કપડાં સમાન છે અને ધર્મ તે દાગીના સમાન છે. કપડા વિના દાગીના શોભતા નથી, તેમ નીતિ વિના ધર્મ શોભા પામતો નથી. —પૂજ્ય ગુરુદેવ (દૃષ્ટિનાં નિધાન)

## 卐 અરેરે! મેં કાંઈ કર્યું નહિ 卐

અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુબિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં બેઠો નહિ તેમ, વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને શુદ્ધાત્મરુચિ કરતો નથી અથવા 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મ-પ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે. પછી 'મેં કાંઈ કર્યું નહિ અરેરે! મનુષ્યભવ એળે ગયો' એમ તે પસ્તાય તોપણ શા કામનું? મરણસમયે તેને કોનું શરણ છે? તે રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભિંસાઈને દેહ છોડે છે. મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.

ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી, કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે. વિપત્તિસમયે તે આત્મામાંથી શાન્તિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહે છે. મરણાદિસમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજ-સુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે—જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાન્તિનો અખૂટ નિધિ છે. તે શાન્તિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.

તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત—વિપત્તિસમયે વિશેષ શરણભૂત થનાર—એવા શુદ્ધાત્મ-દ્રવ્યને અનુભવવાનો ઉદ્યમ કર. ૪૦૯.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

"અજ્ઞાની જીવ, જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલો મનુષ્ય મધુ-બિંદુની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની સહાયને અવગણીને વિમાનમાં

બેઠો નહિ તેમ, વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી ગુરુના ઉપદેશને અવગણીને શુદ્ધાત્મરુચિ કરતો નથી અથવા 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ પ્રવૃત્તિના રસમાં લીન રહી શુદ્ધાત્મ-પ્રતીતિના ઉદ્યમનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે."

શાસ્ત્રમાં દાખલો આવે છે ને! વડવાઈ પકડીને માણસ ટિંગાઈ રહેલો છે. માથે વડની ડાળ ઉપર મધપૂડો છે, તેમાંથી મધનું એક એક ટીપું થોડી થોડી વારે ટપકે છે —મધની ધાર નહિ હો! નીચે મોં ફાડેલા ભયંકર અજગર ને સર્પો યુક્ત મોટો અંધારો કૂવો છે, માથે વડવાઈને—કે જેમને પકડીને તે ટિંગાઈ રહેલો છે તેમને—ધોળો ને કાળો બે ઉંદર કાપી ખાય છે, તે વખતે કોઈ વિદ્યાધર પોતાના વિમાનમાં બેસીને નીકળે છે અને કરુણાથી કહે છે કે 'ભાઈ! હમણાં આ વડવાઈ કપાઈ જશે અને તું ભયંકર અંધારા કૂવામાં અજગરના મુખમાં પડીને મરી જઈશ; જો તારે બચવું હોય તો આવ! મારા વિમાનમાં બેસી જા.' પરંતુ તે મૂર્ખ મનુષ્ય, હમણાં પડશે, હમણાં પડશે—એમ મધના ટીપાની તીવ્ર લાલસામાં રહી વિદ્યાધરની મદદને અવગણીને, વિમાનમાં બેઠો નહિ. આ તો દૃષ્ટાંત થયું. એવી રીતે અજ્ઞાની મોહી જીવ વિષયોનાં કલ્પિત સુખની તીવ્ર લાલસામાં રહી—શરીરના સ્પર્શમાં વિષયની વાસનાનું સુખ, રસમાં મેસુર આસુંદી વગેરે ખાવાપીવાનું સુખ, ગંધમાં અત્તર ફૂલો વગેરે સુંઘવાનું સુખ, રૂપમાં શરીરનું વડતર સરખું દેખીને તેની સુંદરતાનું સુખ વગેરે પાંચ ઇંદ્રિયોના મનગમતા વિષયોમાં સુખ માનીને, તેમની લાલચમાં લલચાઈને—'વિષયો જડ, અચેતન, ધૂળ છે, તેમાં જરાય સુખ નથી, સુખ તો શરીર, ઇંદ્રિયો ને વિષયોથી ભિન્ન અને તે-સંબંધી વાસનાઓથી પણ ભિન્ન નિજ આત્મામાં છે' એવા ગુરુના ઉપદેશને અવગણીને સુખ-સાગર નિજ શુદ્ધાત્માની રુચિ કરતો નથી.

પ્રભુ! વિષયોમાં શું સુખ છે? વિષયો તો પરચીજ છે, તેમને શું તું મેળવી કે ભોગવી શકે છે? તું મેસૂબ, ફૂલ કે સ્ત્રીને ભોગવતો નથી, પરંતુ 'આ વિષયો ઠીક છે, મઝા આપે છે' એવો રાગ કરીને તારા રાગને ભોગવે છે. છોકરો કમાઉ થયો હોય, બાયડી અનુકૂળ હોય, કરોડોની સંપત્તિ મળી હોય, કીર્તિની સુવાસ વ્યાપી ગઈ હોય, પણ ભાઈ! શું સુખ છે એ ધૂળમાં? બાપુ! એ જડ વિષયોની મધલાળમાં તું ઘેરાઈ ગયો છે, વિષયસુખની તીવ્ર તૃષ્ણામાં તું ચોંટી રહ્યો છે.

જેમ વડવાઈ પકડીને ટિંગાઈ રહેલા મનુષ્યે વિદ્યાધરની સહાય અવગણી, તેમ અજ્ઞાની જીવ પણ 'વિષયોમાં સુખની લાલસા છોડી દે, દિવસ ને રાતરૂપી ઉંદર તારી

આયુષ્યરૂપી વડવાઈને સતત કાપી રહ્યા છે, હમણાં આયુષ્ય પૂરું થઈ જશે અને ચોરાશીના અવતારમાં—ભવરૂપ ઊંડા ભયંકર કૂવામાં—કયાંય ફેંકાઈ જઈશ; તારે જો આ દુ:ખમય ભયંકર સંસારથી છૂટવું હોય તો અંતરમાં સુખનિધાન એવા તારા શુદ્ધ આત્મા પર નજર કર, તેને ગ્રહણ કર' એવો ગુરુનો ઉપદેશ મળ્યો છતાં તેની અવગણના કરીને નિજ શુદ્ધાત્માની રુચિ કરતો નથી.

ગુરુએ ઉપદેશમાં કહ્યું: પ્રભુ! તું રાગના સુખથી ભિન્ન છો. વિષયાનુરાગમાં જરાય સુખ નથી પણ એકાન્ત દુ:ખ છે. શરીરના ભોગમાં તને રાગનું સુખ લાગે છે; શરીર તો હાડ-માંસનો માળો છે, જડ અચેતન છે, તેમાં સુખ નથી. છતાં 'તેના સ્પર્શમાં મઝા પડે છે' એમ ભ્રમથી માની અજ્ઞાની જીવ માત્ર પોતાના રાગભાવને કરે છે ને ભોગવે છે. દારૂ પીધેલને શિખંડનો સ્વાદ ગાયના દૂધ જેવો લાગે, તેમ જેણે ભ્રાન્તિરૂપ દારૂ પીધેલ છે એવા અજ્ઞાનીને વિષયોમાં ને રાગમાં સુખ લાગે છે; અંદર ભગવાન આત્મામાં વિષયાતીત અતીન્દ્રિય સુખ ભર્યું છે ત્યાં તે નજર કરતો નથી. અરેરે! કીડી, કાગડા ને કૂતરાના આ અવતાર! ભાઈ! તેં ગુરુના ઉપદેશની અવગણના કરી, મરીને તું કયાં જઈશ? અહા! આ તો એક વાર સંસારના હરખ ને હોંશ તૂટી જાય એવી વાત છે. હરખ ને હોંશ તો પ્રભુ! અંદર આનંદસ્વામી તારા આત્મામાં કરવા જેવાં છે.

બે-પાંચ કરોડ રૂપિયા થયા હોય, દીકરાનાં લગ્ન હોય, લગ્નમાં પાંચ-દસ લાખ રૂપિયા વાપરવાના હોય, પછી જુઓ! જાણે ગાંડો—પાગલ! 'નાતમાં બેડાનું લહાણું કરવું છે, નાતને જમાડવી છે.' અરે પ્રભુ! તું આ શું કરે છે? કયાં સલવાઈ ગયો? એ બધું તો બહારનો—પુણ્યનો ઠાઠ છે, એમાં કયાંય સુખ નથી. મુંબઈમાં એક ભાટિયા ગૃહસ્થને ઘરે દીકરાનાં લગ્ન હતાં. લગ્નની હોંશમાં નાતના હજાર ઘરમાં બેડાંનું લહાણું કર્યું. અરે! પુણ્ય ફરતાં શી વાર લાગે છે? દીકરાની વહુની પ્રથમ પ્રસુતિ વખતે ખર્ચના પૈસા ન મળે, પૈસા માગવા નીકળવું પડ્યું. અહા! એ તો જગતના તડકા-છાંયા બાપુ! છાંયો મટીને તડકો—પુણ્ય મટીને પાપ—થતાં જરાય વાર લાગતી નથી. જયપુરમાં એક વખતના પ્રસિદ્ધ મોટા ઝવેરીનો દીકરો વૃદ્ધ ઉંમરે ભીખ માગતો જોયો છે. એ બધા સંસારના તડકા-છાંયા છે. એવા ભિખારીવેડાના અવતાર અનંત વાર કર્યા, પણ પ્રભુ! અંદર આત્મા શી ચીજ છે તેને કદી સાંભળી અને જોઈ નથી. કદાચિત્ ગુરુ મળ્યા, પણ તેમના ઉપદેશને અવગણીને 'આટલું કામ કરી લઉં, આટલું કામ કરી લઉં' એમ બહારની પ્રવૃત્તિમાં રચ્યોપચ્યો રહી પોતાના આત્માને ઓળખવાના પ્રયત્નનો વખત મેળવતો નથી, ત્યાં તો મરણનો સમય આવી પહોંચે છે.

—o—

(તા. ૧૦–૬–૮૮)

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

❋ સ્વાનુભવપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની પવિત્ર તીર્થભૂમિ સોનગઢ —ભરતક્ષેત્રનું વિદેહધામ—પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત અધ્યાત્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દેવ-ગુરુભક્તિભીની તેમ જ અધ્યાત્મરસપ્રધાન શીતલ છાયામાં નિયમિત અધ્યાત્મતત્ત્વપ્રમુખ ધાર્મિક કાર્યક્રમ તેમ જ વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રતિ ભક્તિભાવસ્યન્દી અનેકવિધ અવસરોથી સદાય ગૂંજતું રહે છે. પ્રાતઃ શ્રી જિનેન્દ્રપૂજા બાદ પૂજ્ય ગુરુદેવશ્રીના 'શ્રી નિયમસાર' ઉપર તેમ જ સાંજે 'શ્રી ઇષ્ટોપદેશ' ઉપર અધ્યાત્મરહસ્યભરપૂર ટેપ–પ્રવચન, બપોરે 'શ્રી સમયસાર' ઉપર બ્ર૦ શ્રી ચંદુભાઈનું શાસ્ત્રવાંચન તેમ જ જિનેન્દ્રભક્તિ, સવારના ટેપ–પ્રવચન પછી પુરુષો માટે 'મોક્ષમાર્ગ-પ્રકાશક' ઉપર શિક્ષણવર્ગ, રાત્રે (શ્રી ગોગીદેવી બ્ર. આશ્રમમાં) બ્ર. બહેનો દ્વારા મહિલા-શાસ્ત્રસભા, વિશેષ પ્રસંગે આદરણીય પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા પૂજા તેમ જ ભક્તિનો અત્યન્ત રોચક મનોજ્ઞ કાર્યક્રમ ઇત્યાદિ ક્રમ બરાબર ચાલે છે.

❋ સુવર્ણપુરીની અનુપમ શોભા, દેશનાલબ્ધિનું એકમાત્ર સાધન સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન સ્વાત્મસાધના સહિત સુખરૂપ બિરાજમાન છે; શારીરિક સ્વાસ્થ્ય ઠીક છે, સમાગત મહેમાનો તેમ જ સ્થાનિક મુમુક્ષુઓને તેમના દર્શન તથા તેમના સ્વાનુભવભીના અધ્યાત્મ–અમૃતનો પણ અનુપમ લાભ મળે છે.

❋ **શ્રુતપંચમી** :–ષટ્ખંડાગમની પૂજાનો મહાન પર્વ તા. ૧૯–૬–૮૮ રવિવારના રોજ શ્રુતપૂજા તેમ જ શ્રુતભક્તિ આદિ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

❋ **શ્રી નંદીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ** :– તા. ૨૨–૭–૮૮ શુક્રવારથી તા. ૨૯–૭–૮૮, શુક્રવાર સુધી શ્રી નંદીશ્વરજિનાલયમાં 'પંચમેરુ–નંદીશ્વર વિધાનપૂજા' તેમ જ નંદીશ્વરાદિ ભક્તિ પૂર્વક ઉજવવામાં આવશે.

❋ **શ્રી વીરશાસન જયંતી** :– તા. ૨૯–૭–૮૮ શુક્રવારના રોજ પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમ પૂર્વક ઉજવવામાં આવશે.

❋ **પ્રૌઢ-ધાર્મિક શિક્ષણ-વર્ગ** :– પૂજ્ય બહેનશ્રીના 'અમૃત-જન્મોત્સવના શુભાવસર પર તા. ૧૦–૮–૮૮, બુધવારથી તા. ૨૯–૮–૮૮, સોમવાર સુધી—વીસ દિવસનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ ચાલશે. શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ–ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.

❀ **અમૃત જન્મોત્સવ**:-પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ય ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૫ મી જન્મજયંતી ( શ્રાવણ વદ બીજ ), આઠ દિવસના 'અમૃત-જન્મોત્સવ'ના રૂપમાં અતિ ભવ્યતાપૂર્વક ઉજવવામાં આવશે. આ મંગલ સમારોહ તા. ૨૨-૮-૮૮ સોમવાર થી તા. ૨૯-૮-૮૮ સોમવાર સુધી તત્ત્વજ્ઞાન તેમ જ દેવ-ગુરુભક્તિવર્ધક વિવિધ રોચક કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

લવાજમઃ—જુલાઈ' ૮૮ 'આત્મધર્મ' નું નવું વર્ષ શરૂ થશે. વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ' ૮૮ થી જૂન'૮૯ ના વર્ષનું લવાજમ રૂા. ૯-૦૦ સત્વરે મોકલી વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.

આજીવન સભ્ય ફી રૂા. ૧૦૧/-

—*—

## આગરામાં શિક્ષણ શિબિર સાનન્દ-સંપન્ન

આત્માર્થી પંડિત શ્રી શશિકાન્તભાઈ મ. શેઠ ભાવનગરવાળાની ઉપસ્થિતિમાં આગરા શહેરમાં શિક્ષણ-શિબિર ઘણી સારી રીતે સંપન્ન થયો. શિબિરમાં આસપાસના શહેરોના આવેલાં લગભગ બસો મુમુક્ષુ—જેમાં મોટી સંખ્યામાં પ્રવચનકાર ઉપસ્થિત હતા—તે આ શિબિરની વિશેષતા હતી. શ્રી શશિભાઈને લગભગ ૮૪ જેટલા લેખિત પ્રશ્ન પૂછયા હતા જેનો તેમણે ઘણો જ સન્તોષકારક જવાબ આપ્યો હતો જેથી પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી તથા સોનગઢ તીર્થ પ્રતિ લોકોને ઘણો આદરભાવ જાગ્રત થયો તથા વૃદ્ધિગત થયો. તથા ઘણા લોકોએ પ્રસન્ન થઈને કહ્યું કે અમને સોનગઢ પ્રતિ જે ખોટી ધારણા બંધાઈ ગઈ હતી તે બધી દૂર થઈ છે, મુખ્ય વ્યક્તિઓએ સોનગઢ આવવાની ભાવના વ્યક્ત કરી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના અનન્ત અનન્ત ઉપકાર વ્યક્ત કરીને વારંવાર આ દેશમાં આવી શિબિરનું આયોજન થાય એવી ભાવના ભાવીને શિબિર પૂરો થયો હતો.

—શ્રી પદ્મચંદ્ર જૈન, આગરા

સોનેરી અવસર | પધારજો સોનગઢ

# અમૃત–જન્મોત્સવ

**સુવર્ણપુરીમાં ભવ્યતાથી ઉજવાનાર, પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૭૫ માં વર્ષનો, અમૃત-જન્મોત્સવ.**

અત્યંત આનંદોલ્લાસ પૂર્વક જણાવવાનું કે—અધ્યાત્મ-યુગસ્રષ્ટા, સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ, પરમાગમરહસ્યોદ્ઘાટક, સ્વાનુભૂતિ-પથપ્રકાશક, કરુણાસાગર, પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના પરમભક્ત પ્રશમરસનિમગ્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૫ મી મંગલ જન્મજયંતી ( શ્રાવણ વદ–બીજ )ના ઉપલક્ષમાં તા. ૨૨–૮–૮૮ સોમવારથી તા. ૨૯–૮–૮૮ ( શ્રાવણ વદ બીજ ) સુધી આઠ દિવસનો અતિ ભવ્ય ઉત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.

'આ પવિત્ર સમારોહ 'શ્રી જિન સહસ્રનામવિધાન મહાપૂજા', પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વાનુભવમસ્તીભર્યાં આધ્યાત્મિક વિડિયો-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસપૂર્ણ વિડિયો તત્ત્વચર્ચા, સમાગત વિદ્વાનોનાં શાસ્ત્રપ્રવચન, ફિલ્મ દ્વારા પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન, આદરણીય પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહ તથા ઘાટકોપર તેમ જ વઢવાણની ભજનમંડળી દ્વારા જિનેન્દ્રભક્તિ, ગુરુભક્તિ, તા. ૧૦–૮–૮૮ બુધવારથી તા. ૨૯–૮–૮૮ સોમવાર સુધી ચાલનારો વીસ દિવસીય પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ, પૂજ્ય બહેનશ્રીના સાધનામય જીવનના વિષયમાં સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ મનોરમ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે.

સમાગત મહેમાનો માટે આવાસ–ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. સર્વે સાધર્મીઓને આ મહાન અવસરનો લાભ લેવા હાર્દિક અનુરોધ છે.

સૂચના :–'શ્રી જિનસહસ્રનામમંડલપૂજા'નો પ્રારંભ તા. ૨૦–૮–૮૮ શનિવારથી થશે.

—નિવેદક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

તેમ જ

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ, સોનગઢ**

અધ્યાત્મવિદ્યાધામ સોનગઢમાં—

# પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રીના ‘અમૃત–જન્મોત્સવ’ના શુભાવસર ( તા. ૨૨–૮–૮૮ થી ૨૯–૮–૮૮ ) પર અધ્યાત્મ-વિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૧૦–૮–૮૮ બુધવારથી તા. ૨૯–૮–૮૮ સોમવાર સુધી ૨૦ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણાર્થી મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

**સૂચના** :—શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ–ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે. પોતાનું બેડીંગ તેમ જ અન્ય આવશ્યક વસ્તુ તથા સમયસાર, પ્રવચનસાર, દ્રવ્યસંગ્રહ, છહઢાળા, પ્રશ્નોત્તરમાળા—પાઠ્યપુસ્તક—પોતાની પાસે હોય તો જરૂર સાથે લાવે.

**Licence No. 3 ‘ Licensed to post without prepayment ’**

**If undelivered please return to :-**
**Shri Dig. Jain Swadhyay Mandir Trust**
**SONGADH–364 250 ( INDIA )**

સંપાદક : નાગરદાસ બી. મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦
મુદ્રક : કહાન મુદ્રણાલય,
જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/– પ્રત : ૩૩૫૦

276 A Kantaben M. Ajmera
Modi No. 2
Sita Burdy
NAGPUR 440012